ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

વર્ષઃ૨૨
૧ જાન્યુઆરી,૨૦૦૮

અંક : ૪૯૨
પૃ.: ૧૬, કિં. રૂ. ૬/-

Reg.under RNI No. Applied permitted to post at Ahd., PSO on F/N 1st & 16th of every month under Postal Reg. No. GUJ-777 issued by SSP A'bad, valid upto 31-12-2008

**અનુક્રમ**


- **દલપત ચૌહાણ**
  કૂકડો દેશી, ગ્લોબલ કૂક
  મ્યાનમાંથી બારો નેંકળ
- **નારાયણ દેસાઈ**
  ગિરાગુર્જરીને વિશ્વગુર્જરી બનાવીએ
- **વિપુલ કલ્યાણી**
  તોમાર આમાર મિલે એમમિ બધે ધારા
- **ચંદુ મહેરિયા**
  સુંદરમ્‌નગરનો સંદેશ : ચલો તેજગઢ
- **પ્રકાશ ન. શાહ**
  ચરૈવેતિ, ચરૈવેતિ
- **રજની દવે**
  ચૂંટણીનાં પરિણામો, નાગરિક નિસબત
- **નંદકિશોર મહેતા**
  સ્મરણ સોક્રેટીસનું, મોદી સહિત સૌના શ્રેયાર્થે
- **યશવન્ત મહેતા**
  કિસકે રોકે રુકા હૈ સવેરા
- **વાચકો લખે છે**
  **મૌન બલોલી** (અમદાવાદ)


+ 'નિરીક્ષક' દર માસની પહેલી તથા સોળમી તારીખે પ્રગટ થાય છે.

**લવાજમના દર :**
વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫૦/-, વાર્ષિક વિદેશમાં રૂા. ૬૦૦/-, લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામના બૅન્ક ડ્રાફટથી અથવા મ.ઓ.થી શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪ને મોકલવામાં આવે તે અપેક્ષિત છે.

**વિદેશમાં :**
બ્રિટન સહિત યુરોપમાં ૯૦ પાઉન્ડ અને કેનેડા-અમેરિકામાં ૧૩૦ ડૉલરને હિસાબે આજીવન લવાજમ રોકડા અથવા ચેકથી કે પછી ડ્રાફટથી આ સરનામે મોકલી શકશો :
Parivaar Communications, Mr. Vipool Kalyani
'Kutir', 4, Rose Croft Walk, Wembley
Middlesex, HA2 2JZ [UK]

**જાહેરખબરના ભાવ :**
કવર પેઈજ ચોથુ રૂા. ૧૫૦૦
કવર પેઈજ બીજું/ત્રીજું રૂા. ૧૨૦૦
આખું પાનું રૂા. ૧૦૦૦ અડધુ પાનું રૂા. ૫૦૦

**આજીવન સભ્યો માટે :**
રૂા. ૧૫૦૦/- નિરીક્ષક ફાઉન્ડેશનના નામના અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફટથી નીચેના સરનામે મોકલવા. શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪(ફોનઃ ૨૭૫૪૧૩૦૬)

**સંપાદકીય પત્રવ્યવહાર :**
'પ્રકાશ', નવરંગપુરા, પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ-૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)

**પરામર્શક :**
નિરંજન ભગત
તંત્રી - **પ્રકાશ ન. શાહ**

## નમો અને નાગરિક સમાજ

વિજયનમ્ર ક્ષણોમાં નમોએ ઠીક જ કહ્યું કે બાળક કંઈ મા કરતાં મોટું હોઈ શકે નહીં. પક્ષ અને પરિવાર કરતાં એ મોટા થઈ ગયા જણાય છે એવી ટીકા આ દિવસોમાં સાંભળવા મળે છે, એનો આ એક નાટ્યાત્મક ઉત્તર જરૂર છે. પણ આ પ્રકારના ઉત્તરોમાં જે તે ક્ષણ સચવાઈ જતી હોય તો પણ અંતિમ હાસ્ય તો ઇતિહાસનું જ રહેતું હોય છે.

નમોએ અને આ લખનાર સહિત હજારો હજારો હિંદુસ્તાનીઓએ 'ઇંદિરા ઇઝ ઇંડિયા' અને દેવકાન્ત બરુઆના દિવસો જોયા છે, અને એની આકરી ટીકા કરી છે તેમજ પ્રસંગે ઇંદિરાજીને દંડવામાં ઇતિહાસનિમિત્ત બનતાં ધન્યતા અનુભવી છે. ભાઈ, કટોકટી પર્વમાં વિનોબાજીએ અનુશાસન પર્વની વાત કરી હતી અને સમજાવ્યું હતું કે મહાભારતમાં આ પર્વ વિજેતાએ કેવા અનુશાસનમાં એટલે કે સંયમમાં રહેવું જોઈએ એની વાત લઈને આવે છે. લોકશાહીમાં આ અનુશાસન નિયત ગાળે આવતી ચૂંટણીઓ ઉપરાંત બંધારણીય સંસ્થાઓ મારફતે તેમજ જાગ્રત લોકમત થકી અપેક્ષિત છે. સર્વોચ્ચ અદાલત, ચૂંટણી પંચ, માનવ અધિકાર પંચ આ બધી સ્વાયત્ત સંસ્થાઓ જાણે વિપક્ષ બલકે શત્રુ હોય એમ નમો એમને સીધાં આડકતરાં નિશાન બનાવીને ૨૦૦૨થી હમણાં સુધી તો ચાલ્યા અને ફાવ્યા છે. જોઈએ, એમની વિજયનમ્ર મુદ્રા એમને અનુશાસન પર્વનો હજી સુધી તો ચુકાઈ ગયેલો મહિમા ને માયનો સમજવામાં મોડે મોડે પણ મદદ કરે છે કે કેમ.

ગુજરાત પછી હિમાચલમાં વિજય સાથે અડવાણીએ લાગલું જ કહ્યું છે કે આ તો આવનારા દિવસોનું ટ્રેઈલર છે. કેમ જાણે રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં તેઓ ગુજરાતની પેઠે એન્ટિ-ઇન્કમ્બન્સીનું પરિબળ લાંઘી જવા વિશે આશ્વસસ્ત ન હોય! ગુજરાતમાં તો કોમી ધોરણે ધ્રુવીકૃત મતબૅન્ક છે, અને જે થોડું પણ ધોવાણ એમાં થયું હોય એની મનોવૈજ્ઞાનિક ક્ષતિપૂર્તિ કરતી કરિશ્માતી શખ્સિયત છે. જો અન્યત્ર પણ અડવાણી કોમી ધ્રુવીકૃત મતબૅન્કની ગણતરીથી ચાલતા હોય તો એ વિભાજક વલણ દેશને ક્યાં લઈ જશે, એ કોઈકે એમને ચોખ્ખા ને આખ્ખા શબ્દોમાં સંભાળાવવું જોઈશે.

કદાચ, જેમ જયપ્રકાશના આંદોલનના દિવસોમાં તેમ આજે પણ સ્થાપિત પક્ષોના દાયરા બહાર લોક-આંદોલનના સૅન્ક્શન સમેત નાગરિકની સ્પેસ અને ત્રીજા અવાજનું પ્લેટફૉર્મ ખડું કરવાની તાકીદ છે.ગુજરાતનો નાગરિક સમાજ પ્રજાસત્તાક સ્વરાજને વિખેરાતું સાંખી શકે જ નહીં.

પ્ર.ન.શા.

દલપત ચૌહાણ

## કૂકડો દેશી, ગ્લોબલ કૂક

લ્યો, સજ્જનો
અમે, ફરીથી કૂક્કુટધ્વજ લહેરાવ્યો છે.
કૂકડાની કલગી લાલમ્‌લાલ લહેરાતી જાય,
કૂકડો કરશે કૂક ને
હર ઘરનો ઘાસલેટિયો ખડિયો
 બલ્બ બની જશે.
કૂવા પોગશે ચોપડીઓમાં
 ઘરમાં દોડી આવશે નદી.
કૂકડો ખોતરે ઊકરડાને
થઈ જાશે એ ખેતર
રોટલા રોટલી શેકાઈ રહેશે તાવડી ઉપર
અમે જીવશું વાયરી ઉપર.
સાંજની વેળા,
આંગળી ચાટી ભરશું પેટ
ગ્લોબલ કૂકની પહેલી મળી છે અમને ભેટ.
અરે! સજ્જનો
કૂક્કુટધ્વજ અમે રોપ્યો ચાલીને નાકે.
બસ હવે તો
રોગ-દોગ, તાવ-તરિયા, અધોમણ-પદાંમણ
જાય બધુંય - કાળા સમુંદરે.
હાસ્તો, આવ્યું,
ગ્લોબલ જેવું, નોબલ જેવું, ચોબલ જેવું.
ચાલીના નાકે
ઊભું રહેશે.
માગજો રે ભાઈ માગજો
વાઈબ્રન્ટ - ફાઈબ્રન્ટ
અડકો માગજો - દડકો માગજો
વેળા મળે તો...
જવા દો સજ્જનો... જવા દો...
સાચું કહું સજ્જનો ?
આ કૂક્કુટધ્વજને અમે ફરીથી લહેરાવ્યો છે.
અમારા માટે નહીં
તેઓને માટે.
અમારે તો વાંસડો ઝાલીને દોડવાનું
 બસ દોડવાનું.
આખડી પડતાં - બાખડી પડતાં
રાડ ફાટે એમ ઘોષ કરીને.
મુખડું લાલમલાલ કરીને.
ડોલવાનું ભૈ-ડોલવાનું
અને
વરસે વરસે ગાશું ગીતો,
જય ગ્લોબલ ગુજરી અને ગુજરાતનાં ગીતો.
આપશું સપનાં - વહેંચશું વાતો.
ફાકશું... રે ફાકાનાં ગીતો
ફેંકશું... રે ફૉકાનાં ગીતો
ગાઈશું રે દાતાનાં ગીતો
અને
સજ્જનો,
કૂકડો કરશે કૂક ને
તેઓના ધાબા સપ્તરંગી સોનાના...
મારા ઘરના
તારા ઘરના
નળિયાં સાવ જ-ગાર-માટીનાં
 ગાર માટીનાં
 ગાર માટીનાં

## મ્યાનમાંથી બારો નેંકળ

નેંકળ' લ્યા, કહું છું
ખાણિયા, વેઠિયા, દાડી-મજૂરા
મ્યાનમાંથી બારો નેંકળ
આ ધગધગતા તાપે
ક્યાં સુધી શેકાઈશ
ટીંપા પાણી માટે ક્યાં સુધી તરફડીશ.
હવે ખોંખારો ખા'લ્યા
છાતી વજ્જર, બાવડે તારે ઊભું બધું આ
પણ
ખરું બોલું!
વાંદરાનો ઇન્સાફ અહીં આ.
બટકું તારું - બટકું મારું
ગપ્પાગપ ખવાતું જાય.
સરવાળા નહીં બાદબાકીના
આંકડાઓ મંડાતા જાય
વિકાસભેરી ખોટી ખોટી વાગતી જાય.
ધોળે દાડે તારલાઓ દેખાતા જાય,
તોય તને' લ્યા, કાંઈ ના થાય
તારો તો તાણોય તૂટ્યો,
 વાણોય ખૂટ્યો.
નથી ભાણે રોટલી દાળ
ગપ ગપ્પાંના ગાણાંયે ગ્લોબલ
ગાતો જાય આ વરવો કાળ.
એટલે જ કહું છું
મ્યાનમાંથી બારો નેંકળ.
ખાણિયા, વેઠિયા, દાડી-મજૂરા
મ્યાનમાંથી બારો નેંકળ

# ગિરાગુર્જરીને વિશ્વગુર્જરી બનાવીએ / નારાયણ દેસાઈ

**ગુજરાતી સાહિત્યના પ્રેમીજનો,**

પોતાનું ભાષણ પહેલેથી લખી આપીને પછી બોલવાનું મને બહુ ગોઠતું નથી. મને શ્રોતાઓની આંખો જોઈને બોલવાનું ગમે છે. હું રહ્યો કથા કરનારો. એટલે એમ વિચારતો હતો કે આ પ્રસંગે પણ કથા જ કેમ ન કહેવાય? પણ પછી વિચાર્યું કે કથા કરવામાં વખત વધારે જોઈએ. એટલે સો વર્ષની પ્રણાલીને તોડવાનો આ પ્રસંગ આવતો હતો તે ન આવ્યો. જોકે લખેલું ભાષણ હું પૂરેપૂરું વાંચવા નથી ધારતો. એમ કરતાં મને મૂળ ભાષણમાં થોડાઘણા ફેરફારો કરવાની છૂટ રહેશે!

ગુજરાતી ભાષાની જેમણે મારાથી ઘણી વધારે સેવા કરી છે, ગુજરાતી સાહિત્યની સેવા એ જ જેનો મુખ્ય સ્વધર્મ છે, એવા અનેક લોકોને મારી સામે બિરાજેલા જોઉં છું ત્યારે પરિષદ-પ્રમુખ તરીકે બોલતાં ખૂબ સંકોચ અનુભવું છું. સાહિત્યપદાર્થની જેમને ઊંડી પરખ છે તેમની આગળ બોલનાર હું તે વળી કઈ વાડીનો મૂળો? વળી મેં આ જવાબદારી સ્વીકારી તેનાથી કેટલાય વડીલ મિત્રોને નવાઈ લાગી છે. કેટલાકે તો મને પૂછ્યું પણ છે કે, ભલા ભાઈ, તેં આ ઉંમરે આ નવી ઉપાધિ કાં વહોરી લીધી? આ મિત્રોને તો મારે એટલું જ કહેવાનું કે જેને કોઈ મિશન મળ્યું હોય છે, તેને ઉંમર નડતી નથી. મેં ગાંધીની વાત, એટલે કે સત્ય-અહિંસાના વિચારનો પ્રસાર કરવાને, મારું મિશન માન્યું છે અને હું આશા રાખું છું કે સાહિત્ય પરિષદ મારફત એ મિશનને મદદ મળશે. તેથી જ હું મિત્રોના આગ્રહને વશ થયો છું. મને લાગે છે કે સાહિત્યમાત્રનો આધાર સત્ય છે. સાહિત્યકાર સત્યને પોતાની દૃષ્ટિએ જુએ છે, અનુભવે છે અને વ્યક્ત કરે છે. અને સાહિત્યકાર સફળ ત્યારે જ થાય છે જ્યારે એ પાઠક સાથે, ભાવક સાથે, એકાત્મ્ય સાધે છે. સામાની સાથે એકાત્મ્યની અનુભૂતિને જ હું અહિંસા માનું છું. આમ, મને સાહિત્ય મારફત સત્ય-અહિંસાના પ્રસારની પારાવાર શક્યતાઓ લાગે છે.

હા, મારો સંકોચ એની જગ્યાએ કાયમ છે. પરંતુ સાહિત્યક્ષેત્રે મારાથી વધુ અનુભવી એવા ત્રણ ત્રણ મિત્રોએ પરિષદ-સભ્યો તરફથી સૂચવાયેલાં પોતાનાં નામો પાછા ખેંચી મને પ્રમુખ થવાનો આગ્રહ કર્યો તેમાં માત્ર પ્રેમભર્યો પક્ષપાત જ નહોતો, પણ ગાંધીજી પ્રત્યેનો તેમનો આદરભાવ પણ હતો એમ હું માનું છું.

આ મિત્રો જ્યારે મને આગ્રહ કરી રહ્યા હતા ત્યારે મેં તેમને અકબર ઇલાહાબાદીનો એક શેર સંભળાવ્યો હતોઃ

**બુદ્ધુ મિયાં ભી આજકલ ગાંધી કે સાથ હૈઃ**
**ગો ગર્દે-રાહ હૈ, લેકિન આંધી કે સાથ હૈ !**

તુલસીદાસે એ અવસ્થાને 'ગગન ચઢહિ રજ પવન પ્રસંગા' કહીને વર્ણવી છે. ગાંધીની સત્સંગતિ મળી એમાં મારો કોઈ પુરુષાર્થ નહોતો. મને એ જન્મજાત પ્રાપ્ત થઈ હતી. અરે, મને ક, ખ, ગ, ઘ લખતાંય આવડતું નહોતું ત્યારથી મને ગાંધીજી સાથે પત્રવ્યવહાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો.

ગાંધીજી જેલમાં હતા. દર અઠવાડિયે તેઓ આશ્રમવાસીઓને પત્રો લખતા. તેમાં એક પત્ર અમને સૌ બાળકોને 'વહાલાં પંખીડાં' એવા સંબોધન સાથે લખતા. કોઈ વાર જો કોઈ બાળકે જરા ધ્યાન ખેંચે એવો પ્રશ્ન પૂછ્યો હોય તો બાપુ એને નામે સ્વતંત્ર કાગળ પણ લખતા. બાપુનો એવો કાગળ આવે ત્યારે અમારે માટે એ ગૌરવનો વિષય થઈ પડતો.

એવો એક કાગળ મને પણ મળેલો. એના બધા શબ્દો તો યાદ નહોતા, પણ પાછળથી મહાદેવભાઈની ડાયરીમાંથી એ મળી આવ્યા.

અમારા પ્રેમાળ સંગીત-ગુરુજી, પંડિત નારાયણ મોરેશ્વર ખરે, અમારા લહિયા બનીને અમારા વતી કાગળ લખી આપતા અને બાપુના જવાબ આવે તે પાઠક બનીને અમને વાંચી પણ સંભળાવતા. મારો કાગળ પણ મેં મારા આ લહિયા મારફત જ લખાવેલો. તે કાંઈક આવો હતોઃ

'બાપુ, આપણા આશ્રમમાં ગીતા ગવાય છે. એમાં અર્જુન એકાદ શ્લોકમાં ટૂંકો ને ટચ સવાલ પૂછે છે, પણ શ્રી ભગવાન એના લાંબા ને લચ જવાબો આપે છે. અહીં અમે તમને લાંબા લાંબા પ્રશ્નો પૂછીએ છીએ, પણ તમે કેમ એવા સાવ ટૂંકા જવાબો આપો છો?' પંડિતજીએ કહેલું કે બાબલાના કાગળનો જવાબ બાપુ જરૂર નોખો લખશે. આગલા અઠવાડિયા સુધી બાબલાએ એની આતુરતાપૂર્વક રાહ પણ જોયેલી. અને ખરેખર બીજે અઠવાડિયે બાપુનો જવાબ આવી પણ પહોંચ્યો. બનતાં સુધી તે પત્ર ચિ. બાબલાને બદલે 'ચિ. નારાયણરાવ'ને સંબોધીને હતોઃ

"કૃષ્ણને પૂછનાર એક જ અર્જુન, એટલે તેને બધા મલાવા કાં ન સૂઝે? ને વળી કૃષ્ણ રહ્યો જ્ઞાની, હું રહ્યો થોડા જ્ઞાનવાળો, ને પૂછનારા અર્જુન કેટલા? ગણ જોઈએ! બધાયને થોડું થોડું વહેંચી દઉં તો કેવી અને કેટલી ગીતા થાય? કેમકે કૃષ્ણને એક જ વાર પુછાયું, મને તો આટલા અર્જુન દર અઠવાડિયે પૂછે."

આમ હું તો આપની સમક્ષ આવ્યો છું ગાંધીના અર્જુન તરીકે અથવા એમ કહો કે એમના ખેપિયા તરીકે, કે એમના કોસિયા તરીકે, ગાંધી આપણા સાહિત્યને, આપણી આખી સંસ્કૃતિના સારને કોસિયા સુધી, માન્યજન સુધી પહોંચાડવા માગતા હતા. સામાન્યજન સુધી કઈ ભાષા, કયું સાહિત્ય પહોંચે? માત્ર સરળ ભાષા? પ્રૌઢ શિક્ષણ સારુ ભાષાને સરળ બનાવીને તૈયાર કરેલું સાહિત્ય કેમ સામાન્યજન સુધી પહોંચતું નથી? અને કબીર, જ્ઞાનેશ્વર, ત્યાગરાજ અને નરસિંહની ભાષા હમેશાં સરળ નહોતી, છતાં એ કેમ સામાન્યજન સુધી પહોંચી? કારણ એમની વાણી માત્ર સરળ ભાષા નહોતી, સરળ હૃદયની ભાષા હતી. ઋજુ હૃદય ઉપર ઝિલાયલું જ્ઞાન ઋજુ હૃદયના સામાન્યજન સુધી પહોંચે છે. સામાન્યજન સુધી પહોંચવા માત્ર ભાષાને જ નહીં, અંતરને સ્વચ્છ કરવાની જરૂર હોય છે. કોસિયા પાસે પહોંચનાર સાહિત્ય માત્ર કોસના દોરડા સુધી જ પહોંચનાર નહીં, પણ કોસિયાના અંતરને સીંચનાર હોવું જોઈએ.

ઉત્તર-કર્ણાટકના ઊંડાણના એક આશ્રમમાં ધોધમાર વરસાદ વચ્ચે ગાંધીજીની નિશ્રામાં એક ઉત્સવ ઊજવાયો હતો ૧૯૩૭માં. આ ઉત્સવનાં કેન્દ્રવર્તી પાત્રો હતાં મનુબહેન હરિલાલ ગાંધી, નિર્મળા હરિભાઈ દેસાઈ એટલે મારાં ફોઈ, મારા કાકા, પરમાનંદ હરિભાઈ દેસાઈ અને હું. બે બહેનોનાં લગ્ન અને બે બટુકોનાં જનોઈ એક જ છાપરા નીચે ગાંધી સેવા સંઘની મિટિંગ વખતે ગોઠવાયાં હતાં. મારા સ્મરણ મુજબ બંને લગ્નો દીઠ કુલ ખર્ચ છ-છ રૂપિયા થયું હતું અને જનોઈના ખર્ચનો હિસાબ મંડાયો નહોતો. પણ આ ખર્ચમાં બે દંપતીઓ અને બે બટુકો એમ છ જણને ગાંધીજીએ આપેલી બબ્બે ચોપડીઓની ભેટની કિંમત નહોતી ગણાઈ. ગાંધીજીનું ગાંધીપણું તો એમાં હતું કે એ બારેબાર પુસ્તકોમાં તેમણે બાર જુદા જુદા સંદેશાઓ લખીને સહી કરી હતી. એમાં મને મળેલાં પુસ્તકો પર એમણે

કરેલું લખાણ મને આજે સિત્તેર વરસ પછી પણ યાદ છે - 'આશ્રમ ભજનાવલિ' પર તેમણે લખ્યું હતું - આનાં બધાં ભજનો, સમજીને, મોઢે કરી લેજે. આમ એક જ વાક્યમાં બધાં ભજનો, સમજીને, કંઠસ્થ કરવાનો એ આદેશ તે વખતે મને ખાસ અઘરો લાગ્યો નહોતો પણ બીજા પુસ્તક - 'અનાસક્તિયોગ' પર લખેલ સંદેશ કોઈ સૂત્ર જેવો અર્થગંભીર હતો. તેમાં લખ્યું હતું: "તારે વિષે જે આશાઓ રાખી છે તે પૂરી કરજે." જીવનના દરેક વળાંક વખતે આ સૂત્રે મને પડકાર્યો છે. આજે એ પડકારને જરા વ્યાપક બનાવીને આપણા સૌની સમક્ષ મૂકી શકું ખરો? આપણા એ પૂર્વ-પ્રમુખ આપણને સૌને એમ કહી ન શકે કે તારે વિષે આશા રાખી છે તે પૂરી કરજે?

આજના સંદર્ભમાં બાપુની એ આશા, આકાંક્ષા, અપેક્ષા શી હશે? એ અપેક્ષાને જરા ગૌરવશાળી શબ્દોમાં રજૂ કરવી હોય તો એમ કહી શકાય કે ગિરાગુર્જરીને આપ સૌ મળી વિશ્વગુર્જરી બનાવો. જે ભાષા સામાન્યજનના અંતઃસ્તલ સુધી પહોંચી શકે એ જ વિશ્વની ક્ષિતિજો આંબી શકે. ગુજરાતી ભાષાને આપણે વિશ્વની ક્ષિતિજો માપનાર કેમ ન બનાવી શકીએ?

વિશ્વની ક્ષિતિજો માપનાર સાહિત્ય કેવું હોય? એ એવું હોય કે જેની આડે કોઈ વંડી કે વાડ ન આવતી હોય. જે સાહિત્ય જાતિના, સંપ્રદાયના, ધર્મના, રંગના, લિંગના, સ્વાર્થના કે રાષ્ટ્રના ભેદોને ભૂંસી શકે તે ભાષા વિશ્વની ભાષા બને. આપણે શું આ સંમેલનમાં ગુજરાતી ભાષાને વિશ્વગુર્જરી બનાવવાનો સંકલ્પ કરી શકીએ?

વિશ્વસાહિત્યકારનું સાહિત્ય વિશ્વના બરનું હોવું જોઈએ અને એને માટેની મુખ્ય શરત એ છે કે સાહિત્યકારનું વ્યક્તિત્વ એ બરનું હોવું જોઈએ. આપણે ત્યાંની ભાષાઓમાં વ્યાસ, વાલ્મીકિ, કબીર, તુલસી, જ્ઞાનેશ્વર, ચૈતન્ય વગેરે એવા વ્યક્તિત્વવાળા થઈ ગયા કે જેમનું વાઙ્મય જાગતિક સ્તરનું હતું. સાહિત્યકાર કરતાં એનું સાહિત્ય ઊંચું હોઈ શકે કે નહીં એ વિવાદમાં પડ્યા વિના અને સાહિત્ય અને સાહિત્યકારના ચારિત્ર્યને કશો સંબંધ હોય કે નહીં એ પ્રશ્ન તમારા નિર્ણય પર છોડી, હું અહીં મારો એ વિશ્વાસ વ્યક્ત કરવા માગું છું કે આપણે જો ગુજરાતી સાહિત્યને વિશ્વસ્તરનું બનાવવું હશે, અને બનાવવું છે - તો આપણે આપણાં વ્યક્તિત્વ પણ વિશ્વસ્તરનાં કરવાં પડશે, આપણા સંકુચિત વાડા તોડવા પડશે. તેમ કરવામાં આપણી અસ્મિતા ઘટવાની નથી; બલકે તે વધુ ઊંચી ઊઠશે.

આપણને એકબીજાંથી અલગ રાખનારી વાડો ગમે તેટલી સગવડવાળી હોય, ગમે તેટલી લોભામણી હોય, પણ તે આપણને સીમિત અને સંકુચિત જ રાખે છે. વાડો તોડવાનું કામ આપણને ક્રાંતિકારી લાગી શકે. આ ક્રાંતિ એવી છે કે જેની શરૂઆત આપણી જાતથી જ થાય છે અને આગળ જતાં એ વર્તુળ વધતું જશે. આપણે જાણ્યે-અજાણ્યે આપણી આસપાસ કૂંડાળાં બનાવતાં હોઈએ છીએ. એ કૂંડાળું પોતાના અહંકારનું હોઈ શકે, બીજા વિષે દ્વેષ કે ઈર્ષાનું હોઈ શકે, પ્રતિસ્પર્ધાનું હોઈ શકે અને એનાં ક્ષેત્રો ચંદ્રક કે પુરસ્કાર, સમ્માન કે બહુમાન, પદ કે પદાધિકાર, સમિતિઓ કે સવલતો ને સગવડો હોઈ શકે. જે સાહિત્યકાર, કર્મચારી કે હોદ્દેદાર આવાં સંકીર્ણ કૂંડાળાંમાં ફસાયેલો રહેશે તે ગમે તેટલી નામના સાથે પણ કૂપમંડૂક જ રહેશે. એને પૃથ્વીની ક્ષિતિજ સૂઝશે જ નહીં. ગાંધી આપણને કહી ગયા છે કે સત્યને પ્રેમ સિવાય બીજી કોઈ રીતે પહોંચવું અશક્ય છે. પ્રેમ પૂરેપૂરો ત્યારે જ વ્યક્ત થઈ શકે જ્યારે માણસ પોતાની જાતને શૂન્યવત્ બનાવી દે. આ પહેલું સોપાન.

પરિષદનું પરિસર, (વિનોબાની ભાષા વાપરી કહું તો) 'પ્રેમક્ષેત્ર', જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સુધી વિસ્તરેલું હોવું જોઈએ. સંચારનાં માધ્યમો જ્યારે આટલાં વિપુલ અને સુલભ બન્યાં છે ત્યારે પરિષદ અમદાવાદની કે વડોદરાની, ગુજરાતની કે મુંબઈની એવા પ્રશ્ન જ ન ઊઠવા જોઈએ. આવા પ્રશ્નો ઊઠે છે એનો અર્થ જ એ થાય છે કે આપણું સામૂહિક વ્યક્તિત્વ એટલું ઊણું પડે છે. આપણે સૌએ બાંયો ખોલવી પડશે. કૂંડાળામાં જે જ્યાં ઊભું હોય ત્યાંથી એને તોડવું પડશે અને ગૂંચો ઉકેલવી પડશે.

આદિવાસી સાહિત્ય અને બિનઆદિવાસી સાહિત્ય, દલિત સાહિત્ય કે બિનદલિત સાહિત્ય, મુસ્લિમ સાહિત્ય - બિનમુસ્લિમ સાહિત્ય - આ અને આવાં વિશેષણો જે બધાંનું વિશેષ્ય, 'સાહિત્ય' છે, તેને સંકુચિત કરે છે, સીમિત કરે છે. એ તમામ સીમાઓથી મુક્ત થઈ અને તમામનો ઉમળકાભેર સમાવેશ કરી આપણે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ અને સમર્થ બનાવવું છે. વિશ્વસ્તર પર જવા માટેનું એ બીજું સોપાન હશે.

ત્રીજું સોપાન આપણું ઓશિયાળાપણું કાઢવાનું છે - ખાસ કરીને શાસન પ્રત્યેનું ઓશિયાળાપણું. શાસન આપણને આર્થિક મદદ આપતું હોય, માન-મરતબા કે પુરસ્કારો આપતું હોય તો એની ગરજે આપે. તેથી આપણે આપણી સ્વતંત્રતા ગીરવી મૂકી ન શકીએ. શાસનની દેખીતી ભૂલો કે ઈરાદાપૂર્વક શાસને ભરેલાં ખોટાં પગલાં અંગે આંખ આડા કાન કરવા, ચૂપ થઈને બેઠાં રહેવું કે એ પોતાનો વિષય નથી એમ માનીને મૌન જાળવવું એ બધું ઓશિયાળાપણામાં આવી જાય. ઓશિયાળી વ્યક્તિ પોતે તો પોતાનું સમ્માન ગુમાવે જ છે પણ જેની તે ઓશિયાળી બને છે તેને પણ નૈતિક રીતે નીચે લાવે છે. બીજાને હીન દેખાડનાર અથવા બીજા પ્રત્યે તુચ્છકારભર્યો વ્યવહાર કરનાર પોતે કદી નૈતિક રીતે ચડિયાતો સિદ્ધ થતો નથી, હેઠે જ પડે છે. એક દાખલો લઈએ. સાહિત્ય, કળા કે સંસ્કૃતિને લગતી સંસ્થાઓમાં તે - તે વિષયના કળાકારો જ ચૂંટાઈને જાય એ સર્વથા ઇષ્ટ છે. આપણે ત્યાં એને સારુ ઉમાશંકર અને દર્શક જેવાઓએ જહેમત પણ ઉઠાવી છે. જો કોઈ પણ શાસન આમ પ્રતિનિધિઓની સંસ્થાને પોતાના નીમેલા પ્રતિનિધિઓથી જ ભરવા માગે અથવા બીજી રીતે દખલગીરી કરે અને એ અંગે આ સંસ્થાઓ સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ ચૂપ બેઠા રહે તો એને ઓશિયાળાપણું કે લાચારી કહેવાય. આવી લાચારીને ફગાવી દેતાં આપણે શીખીશું તો જ ગુજરાતી સાહિત્યકારનું ખમીર પ્રગટશે. અને વિશ્વગુર્જરી બનાવનાર સાહિત્યકાર ખમીરવંતો તો હોવો જ જોઈએ ને?

આ અંગે મારી એક ચિંતા વ્યક્ત કરવા ઇચ્છું છું. ગુજરાતીના 'શિષ્ટ' સાહિત્યનો વ્યાપ હજી ઘણા મર્યાદિત વર્ગ સુધી જ પહોંચવા પામ્યો છે. આપણી કવિતા, આપણી વાર્તા, આપણી નવલકથાનું વિષયવસ્તુ મુખ્યત્વે શહેરો કે કસબાઓના મધ્યમ વર્ગના માનસથી કેટલું આગળ વધ્યું છે? આપણી પહોંચ હજી ગામડાં સુધીય માંડ ગઈ છે. આદિવાસી, દલિત, મુસ્લિમ સમાજનું જીવન આપણા સાહિત્યનું ક્ષેત્ર ભાગ્યે જ બનવા પામ્યું છે. નારીના પ્રશ્નો - મધ્યમ વર્ગની નારીના પ્રશ્નો સુદ્ધાં - આપણે નારીવાદી લેખિકાઓ કે કવયિત્રીઓ પૂરતા મર્યાદિત નથી રાખ્યા? મારા આ વિધાનમાં થોડા સામાન્યીકરણ - જનરલાઈઝેશન - નો અંશ છે, એ હું સ્વીકાર કરું છું. એટલે કે આ બાબતમાં કેટલાક અપવાદ છે, એમ આપણે દેખાડી શકીએ એમ છીએ. પણ આ અપવાદો જ શું સામાન્ય પ્રવર્તતી પરિસ્થિતિના દ્યોતક નથી? બીજી રીતે જોઈએ તો આપણું આજનું સાહિત્ય આપણા આજના

વેરવિખેર થતા સમાજના દર્પણ સમું જણાય છે. એમાં અમદાવાદ શહેરના અન્ય ભાગોથી જુહાપુરા અલગ દેખાય છે, દલિતોનું દરદ એમને મુખે જ બોલે છે; અને આદિવાસી સાહિત્ય તો જાણે કે આપણી પૂર્વપટ્ટીની ટેકરીઓની પછવાડે જ લપાઈ રહ્યું હોય એમ નથી લાગતું? કોઈક કહેશે કે આમાં એ વર્ગોની પણ નબળાઈ છે, જે વર્ગો પૂરતું માથું નથી ઊંચકતા. પરંતુ આ દલીલ તો પેલા સામ્રાજ્યવાદીઓ જેવી લાગે છે કે જે કહેતા રહેતા કે 'અમે તો સ્વતંત્રતા આપવા રાજી છીએ, સંસ્થાનોની વસ્તી જ એને સારુ લાયક નથી બની.'

જે પોતાને સાહિત્યકાર માને છે તેની જવાબદારી સમાજના અંગેઅંગ સહિત પોતાની હૃદભાવના જોડવાની છે. ગુજરાતી સાહિત્યકારની કલમે સમગ્ર ગુજરાતનાં હર્ષશોક, વેદના-આનંદ, આશા-આશંકા, મનોકામના ને મનોરથો મુખર થવાં જોઈએ. પાંચ કરોડ જનતા વતી બોલવાની જવાબદારી ગાંધીનગરમાં વિરાજમાન કોઈ એક વ્યક્તિની નહીં, પણ ગિરાગુર્જરીના સૌ સેવકોની હોવી જોઈએ. એમ ન થાય ત્યાં સુધી ગુજરાતી સાહિત્ય ગમે તેટલો ગર્વ ભલે લેતું, ગૌરવ લઈ શકે નહીં.

ગુજરાતી સાહિત્યનું ગજું આપણે વિશ્વસાહિત્ય સુધી લઈ જવું છે. એનું એક પગલું આપણા વ્યક્તિત્વને તપાસી, કઠોર આત્મપરીક્ષણ કરી, એને સ્વચ્છ, ઉદાર અને ઉદાત્ત બનાવી આખા ગુજરાતી સમાજની ઊર્મિઓને અભિવ્યક્તિ આપતું કરવું એ છે.

આપણે આપણી ભાષા અને સાહિત્યનું સ્તર ઊંચું લાવવું હશે તો ગુજરાતની પ્રજાના ગંભીર પ્રશ્નો અંગે આપણી નિસબત કેળવવી પડશે. જે પ્રજાનાં સુખદુઃખનો ભાગીદાર થાય એ જ પ્રજાનો સાહિત્યકાર બને. જે પ્રજાનાં પાપ-પુણ્યને પોતાનાં ગણે એનામાં જ પોતાના સાહિત્યને પુણ્યશાળી બનાવવાનું સામર્થ્ય આવી શકે. આ પ્રસંગે હું મારી વ્યક્તિગત નિસબતની વાત કહેવા ઇચ્છું છું. એને વ્યક્તિગત એટલા સારુ કહું છું કે બીજા એમાં ભાગીદાર ન હોય તો હું તેને આપણી નિસબત કહી ન શકું. જોકે હું ઇચ્છું ખરો કે આપણા સૌની, ગુજરાતના સૌ વિચારવંતોની તે નિસબત બને. મને સન ૨૦૦૨માં જે કાંઈ બન્યું એ મહાપાતક લાગે છે, આમ કહેતાં મારું હૃદય આજે પણ ચિરાય છે. હૃદય એટલા સારુ ચિરાય છે કે એ મહાપાતકમાં મારો પણ ભાગ છે એમ મને લાગ્યા કરે છે. સમાજનો કોઈ પણ માણસ સમાજમાં એક જગાએ પણ માણસાઈને હેઠે ઉતારે એવું કૃત્ય કરે તો જે પોતાને એ સમાજનો નાગરિક માનતો હોય તે પણ એ કૃત્ય સારુ અમુક અંશે જવાબદાર બને છે. ભરેલા સરોવરનું પાણી કોઈ પણ જગાએ ખાલી થાય તો તેથી આખા સરોવરના પાણીની સપાટી નીચી જાય, તેમ સમાજમાં ક્યાંય પણ પાપ થાય તો તેનાથી આખા સમાજનું નૈતિક સ્તર એટલું નીચે જાય છે. હું મારી જાતને ૨૦૦૨ના મહાપાતકનો એ અર્થમાં ભાગીદાર ગણું છું. ૨૦૦૨ના મહાપાતકમાં જે લોકો રેલગાડીમાં બળી મર્યા, તે તથા બીજા જે મૃત્યુ પામ્યા, જે આગમાં હોમાયાં, જેમનાં ઘર બળ્યાં, જેમનાં માસૂમ બાળકોને રહેંસી નાખવામાં આવ્યાં, જેમની દીકરીઓને આગમાં ફેંકવામાં આવી, એમને સારુ કોઈ પણ સહૃદયને દુઃખ થાય એ સ્વાભાવિક છે. પરંતુ આ ઘટનાના વધુ ઊંડાણમાં જઈએ તો આ ઘટનાના શિકાર બનનારાંઓ સારુ જેમ રડવું આવે એમ છે, તેમ એના શિકારી સારુ પણ રડવું આવે એમ છે. જે બળી મૂઆં કે બીજી રીતે કતલ થયાં તે તો ગયાં તે ગયાં. પણ જેણે હિંસા આચરી અને જેમણે એ હિંસા આચરવા દીધી એનો અંતરાત્મા તો આજ લગી ડંખતો હશે. એણે એને અંગે માફી નહીં માગી હોય તોપણ એના અંતરને કોઈક ખૂણે એના પાપનો ડંખ તો હશે. એના હૈયાની હોળી પેલી એક દિવસની હોળી કરતાં ઓછી નહીં હોય. હું કબૂલ કરું છું કે આ મારી શ્રદ્ધાનો વિષય છે. બાહ્ય ઘટનાઓ એને કોઈ વાર ખળભળાવી શકે છે, કોઈ વાર હચમચાવી શકે છે, પણ એને ઉખાડી નથી શકતી.

આપણે એ પણ સમજવું જોઈએ કે પાપ એ મારકાપ, હત્યા, બાળઝાળ, બળાત્કાર જેવાં કર્મોથી થાય છે. પણ એ કૃતિને ટેકો આપવા સારુ જ્યારે એનું તત્ત્વજ્ઞાન બને છે ત્યારે તે પાપ બેવડાય છે. વેર વાળવું એ જ્યારે સ્વાભાવિક માનવામાં આવે છે ત્યારે વળી એ પાપ ત્રણગણું થઈ જાય છે. અને જે શરમજનક ઘટના છે તેનો જ્યારે ગર્વ લેવામાં આવે છે ત્યારે તે પાપ ચોગણું થાય છે.

આવા ઘોર પાપમાંથી આપણે સાવ તાજેતરના ઇતિહાસમાંથી પણ પસાર થયાં છીએ. સમાજના પાપને હું જેટલે અંશે મારું માની શકું છું તેટલે અંશે આ પાપનો હું મને પોતાને પણ ભાગીદાર માનું છું અને એમાંથી મુક્ત થવાના મારાથી બનતા પ્રયાસો મેં કર્યા છે.

આ વર્ષના પાછલા ભાગમાં એક સામાજિક પાપ બંગાળના નંદિગ્રામમાં થયું ત્યારે ત્યાંના સાહિત્યકારોએ તરત એનો વિરોધ કર્યો - કેટલાકે સરકારી માનચાંદ પાછા આપીને એ વિરોધને વધુ મુખર કર્યો. ગુજરાતમાં ઘટેલી દુર્ઘટના નંદિગ્રામના ગોળીબારથી સેંકડોગણી વધારે અમાનવીય હતી. તે વખતે આપણું પણ હૈયું હચમચ્યું હતું એવું આશ્વાસન આપણે પોતાની જાતને એ ઘટના પછી લાંબે ગાળે 'ભાવભૂમિ' પ્રકાશિત કરીને આપી શકીએ ખરા? ગુર્જરગિરાની ગરિમા વધારવી હોય તો એના સારસ્વતોએ આત્મસંતોષ કે આત્મવંચનાને ખંખેરી નાખીને પોતે કેટલા પાણીમાં છે તે તપાસવું પડશે. જે સત્ય ખાતર કાંઈક ખોવા તૈયાર હશે તેનામાં જ ખમીર દેખાશે.

મલયાલમ સાહિત્યનું વેચાણ આજે કદાચ આખા દેશના પ્રાદેશિક સાહિત્ય કરતાં વધારે હશે, એનું એકમાત્ર કારણ એ નથી કે કેરળમાં બીજા પ્રદેશો કરતાં સાક્ષરતા વધારે છે. એનું એક મોટું કારણ એ પણ છે કે ત્યાં છેલ્લા બેત્રણ દસકાથી સાહિત્યકારો સામાજિક પ્રશ્નો સાથે શ્વસે છે. સાહિત્ય જ્યારે સામાજિક સમસ્યાઓની સાચી અભિવ્યક્તિ કરતું થાય છે ત્યારે જ તે સમૃદ્ધ ને ઉદાત્ત બને છે અને પોતાના સમયનો પડકાર ઝીલવાને કાબેલ બને છે. સમાજના પ્રશ્નો સાહિત્યને જીવંત બનાવે છે અને સમાજાભિમુખ સાહિત્ય સમાજને ટટ્ટાર બનાવે છે.

આપણે આત્મશક્તિનું ભાન કેળવવું પડશે. આપણે એવું વિચારીએ છીએ ખરા કે શાસન કરતાં સાહિત્ય વધુ શાશ્વત છે? શેક્સપિયરે પોતાનું પ્રથમ અગત્યનું કાવ્ય 'વીનસ એન્ડ એડોનિસ' સાઉથમહનના જે અર્લને અર્પણ કર્યું હતું તેને આજે કોણ યાદ કરે છે? રાજા ભોજ કરતાં કાલિદાસની ખ્યાતિ વધુ ચિરંજીવી છે. અકબર બાદશાહ કરતાં તુલસીદાસ આજે ઘણા વધારે મોટા સમુદાયના હૈયામાં વસે છે. સાહિત્યનું ગૌરવ સાહિત્યની ગુણવત્તાથી વધે છે. તત્કાલીન શાસન દ્વારા એને અપાયેલ સમ્માનથી નહીં, એટલું જો સાહિત્યકાર સમજી જશે તો એ સાહિત્યની સાચી સેવામાં મન પરોવશે અને ઘણા ક્ષુદ્ર રાગદ્વેષોથી બચી જશે.

સમાજના સળગતા પ્રશ્નોમાં જ્યારે સાહિત્યકાર રસ લેવા માંડશે ત્યારે એ કાંઈ જરૂરી નથી કે એ જાતે કર્મશીલ બને. વિક્ટર હ્યૂગો કે ગોર્કીના સાહિત્યે અનેક કર્મશીલોની ગરજ સારી હતી. કર્મશીલનું જોમ જેટલું

સાહિત્યકારની કૃતિઓમાં દેખાશે એટલી એની કૃતિઓ તેજસ્વી બનશે અને સાહિત્યકારની સંવેદનશીલતા અને લાલિત્ય જેટલાં કર્મશીલમાં આવશે તેટલી એના કર્મમાં સુસંસ્કારિતા આવશે. કર્મશીલ અને સાહિત્યકાર વચ્ચે પારસ્પરિકતાને અભાવે ઘણી વાર સાહિત્ય નિસ્તેજ અને કર્મશીલતા સંસ્કારિતામાં ઊણી ઊતરતી દેખાય છે. આખી પ્રજાની વેદના જ્યારે આપણા સાહિત્યમાં સ્થાન પામે છે ત્યારે એ સાહિત્ય ધરતી પર નક્કર પગલાં માંડતું છતાં ઊંચે આકાશમાં મસ્તક રાખી દૂરદૂરની ક્ષિતિજો ભાળતું જણાય છે.

સિંધી કવયિત્રી હીરાનન્દાણીની કવિતાનો આ હિંદી અનુવાદ જુઓઃ

**મૈં પેડ હૂં**
**એક પુરાના, બૂઢા પેડ**
**મેરી જડેં,**
**દૂર દૂર ઉસ જમીનમેં ગડી હૈં**
**જો મુઝસે છીન લી ગયી હૈં**
**મેરી જડોં કો ઉખાડને કી કોશિશ કી ગયી થી**
**પર વે નીચે**
**બહુત ગહરે**
**પાતાલ તક ફૈલી હૂઈ થીં**
**ઈસ લિયે જમીન સે ઉપર હી**
**મજહબ કી તલવાર લે કર**
**મુઝે કાટા ગયા**
**અપની જડોંસે અલગ કિયા ગયા.**
**અબ મેરી જડેં**
**વહાં હૈ ઔર મૈં કટા હુઆ પેડ**
**યહાં હૂં.**
**મેરે પત્તે સૂખે-સૂખે**
**ડાલ ઝૂકે-ઝૂકે**
**ઔર તના કુબડા હૈ.**
**મૈં અપની જડોં કે લિયે**
**છટપટા રહા હૂં**
**ઔર મેરી જડેં મેરે લિયે**
**તડપ રહી હૈં.**
**જબ તક હમ આપસ મેં જુડેં**
**(ન જાને ઐસા હોગા કિ નહીં)**
**મૈં**
**પાની મેં ઘી કી બુંદે બિખેર**
**ઉનસે પાની કો ચિકના કર**
**ઔર**
**દૌલત કી લાઠી કે સહારે**
**અપને તન કો સીધા કર**
**તાજા હોને કા**
**ઢોંગ કર રહા હૂં.**

આખી પ્રજાની વેદના કવયિત્રીની કલમથી ટપકે છે. આપણી?

મેં આગળ ઉપર કહ્યું કે શાસન કરતાં સાહિત્ય વધુ શાશ્વત છે. તે ક્યારે તેવું બને? જ્યારે સાહિત્ય શાસન કરતાં વધુ વિશાળ સમુદાય સુધી પહોંચ્યું હોય ત્યારે. તે વધુ શાશ્વત મૂલ્યો ધરાવતું હોય તો.

જો તેનામાં શાસન આગળ સામી છાતીએ સત્ય બોલવાની હિંમત હોય તો. એ રવીન્દ્રનાથના મુક્તધારા નાટકના ધનંજય વૈરાગી જેવી અનાસક્તિ, બેફિકરી અને સાહસિકતા ધરાવતું હોય તો.

મેં શાશ્વત મૂલ્યોનો ઉલ્લેખ કર્યો. એની યાદી કરવા જઈએ તો એ લાંબી થાય. પણ બધાંના મૂળમાં સત્યનું મૂલ્ય છે. અને સત્યાધારિત સાહિત્ય તો જ નિર્માણ થાય જો સાહિત્યકાર પોતે સત્યનિષ્ઠ હોય. શાશ્વત સાહિત્યનો મૂળ આધાર સાહિત્યકારની સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, નેકી, ઈમાનદારી પર છે. સાહિત્યકાર પોતાને પ્રત્યે ઈમાનદાર હોવો જોઈએ અને પોતાના સમાજ પ્રત્યે સૂક્ષ્મ-ભાવગ્રાહી હોવો જોઈએ.

વિશ્વગુર્જરી બનવા તરફ જવાનું આપણું એક મોટું પગલું હશે ભારતીય બનવાનું. જો એક વાર આપણે સાચા અર્થમાં 'ભારતીય' બનીશું તો પછી તેમાંથી 'જાગતિક' બનવા સારુ ઝાઝું તપ નહીં કરવું પડે. ભારતમાં જેટલી મબલક વિવિધતા છે કે એ વિવિધતાની કદર કરતાં-કરતાં જ જો આપણે એની આંતરિક એકતા પામી શકીશું તો ભારતીયતા આપણને સહેજે પ્રાપ્ત થશે. આપણા દેશમાં ભાષાવૈવિધ્ય જેટલું છે એટલું ભાગ્યે જ કોઈ બીજા દેશમાં હશે. એના સાહિત્યની શૈલીઓ, એનાં રૂપ, એના આકાર, એની અભિવ્યક્તિ એ બધાં ક્ષેત્રોમાં આપણને વિવિધતા જોવા જડશે, પણ એ બધાં વૈવિધ્યની વચ્ચેની જે એકાત્મતા છે તેને આજે આપણે જાણે ખોઈ બેઠાં છીએ. અને કમનસીબી એ છે કે આજે જ્યારે સંચારનાં સાધનો આટલાં ઝડપી અને સુલભ થઈ ગયાં છે, ત્યારે જ આપણે આપણી ભારતીય પારસ્પરિકતા લગભગ ખોઈ બેઠાં છીએ. હજી થોડી સદીઓ પહેલાં જ નામદેવનાં મરાઠી ભજનો પંજાબમાં ગવાતાં, બે અઢી સૈકા પહેલાં જ ગુજરાતી કવિઓ અમુક ભજનો ગુજરાતીમાં રચ્યા પછી એક ભજન હિંદીમાં રચતા. અરે, ઉત્તરપૂર્વની ખામતી આદિવાસી બોલીમાં 'ચાઓઆલાડ' નામે રામકથા પ્રચલિત છે. એ પ્રેમચંદ, શિવરામ કરંત, પન્નાલાલ કે ફણીશ્વર નાથ રેણુનાં શબ્દચિત્રો દરેક ભારતવાસીને પોતાના પરિસરનાં વર્ણનો જેવાં લાગે છે. મલયાલમના જી. શંકર કુરૂપ ને હિંદીના સૂર્યકાન્ત ત્રિપાઠી 'નિરાલા'ના વિષયવસ્તુમાં કેટલું સામ્ય છે! બંને છેવાડાના માણસોનાં હૈયાં સુધી પહોંચ્યા છે. આ બધાં અને આવાં કાંઈ કેટલાંય ભારતીયતાનાં લક્ષણો આપણને એકાત્મતાનાં દર્શન કરાવે છે.

પણ આજે આપણને અંગ્રેજી સાહિત્ય વિશે જેટલી જાણ છે એનો એક નાનકડો અંશ પણ આપણી પાડોશી ભાષાના સાહિત્ય વિશે નથી. આપણને કેટલું જ્ઞાન છે આધુનિક રાજસ્થાની સાહિત્ય વિષે? કેટલું છે કોંકણી સાહિત્ય વિશે? અરે, બંગાળી અને મરાઠી સાહિત્યના ગુજરાતી અનુવાદનો પ્રવાહ પણ આજકાલ ઘણો ક્ષીણ થઈ ગયેલો લાગે છે. આપણે ગુજરાતી સાહિત્ય બીજી ભાષાઓમાં અનૂદિત નથી થતું તેને વિશે સાચી રીતે જ ફરિયાદ કરીએ છીએ. મારા મત મુજબ આ ફરિયાદ ઓછી કરવાનો રાજમાર્ગ એકતરફી પ્રયાસોનો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ આ કામ બહોળા પ્રમાણમાં ઉપાડી શકે. જો આપણી ભાષાને આપણે ભારતની બીજી ભાષાઓમાંથી ભાષાન્તરનો લાભ આપવાનો એકતરફી સંકલ્પ કરીશું તો સહજ રીતે ગુજરાતી ભાષા પણ અન્ય સાહિત્યમાં માનવંતું સ્થાન પામશે એવી મારી શ્રદ્ધા છે. આજે અમદાવાદ, મુંબઈ, સુરત, વડોદરા જેવાં શહેરો

બહુભાષી બની ચૂક્યાં છે. અને હિંદુસ્તાનનાં ઘણાંખરાં શહેરોમાં અને કેટલીય જગાઓએ તો ગામડાંમાં પણ ગુજરાતીઓ વસે છે ત્યારે ભારતીય સાહિત્યોનું પરસ્પર આદાન-પ્રદાન અનેકગણું વધવું જોઈએ.

આ વિષય મને મારી નિસબતના એક બીજા વિષય પર લઈ જાય છે. કદાચ એને આપણા સાહિત્યકારો સાથે એટલો સીધો સંબંધ નહીં હોય, જેટલો આપણા ભણેલાગણેલા વાલીઓ, આપણા શાસકો અને આપણાં પ્રસાર માધ્યમો સાથે છે. પણ ગુજરાતી તરીકે આપણી સૌની નિસબતનો એ પ્રશ્ન હોવો જોઈએ. હું દક્ષિણઅમેરિકાના સંખ્યાબંધ દેશોમાં ફરી આવ્યો છું. ત્યાં બ્રાઝિલમાં પોર્ટુગીઝ અને બાકીના દેશોમાં સ્પેનિશ ભાષા પ્રચલિત છે. એ બંને ભાષાઓ તે દેશોના પૂર્વસામ્રાજ્યવાદી શાસકોની ભાષાઓ છે. ઘણા ખરા દક્ષિણ અમેરિકાના દેશોમાં એક જમાનામાં ઠીકઠીક વિકસેલી સંસ્કૃતિઓ હતી. આજે એ સંસ્કૃતિઓ નષ્ટ થઈ છે અને એમની ભાષાઓ તો નેસ્તનાબૂદ થઈ ગઈ છે. આપણે ત્યાં અંગ્રેજોના ગયા પછી અંગ્રેજીનો પ્રભાવ ખૂબ ઝડપભેર વધ્યો છે. અંગ્રેજી ભાષા એ જો સારી અંગ્રેજી હોય તો, વધે એની સામે કોઈનો વાંધો ન હોઈ શકે, પણ એ જો ગુજરાતીને નેસ્તનાબૂદ કરવાની હોય તો મને એની સામે પ્રબળ વાંધો છે. અંગ્રેજી વધવાનાં કારણોમાં આપણા શિક્ષણમાં અંગ્રેજીને ફરજિયાત અને કેટલીક જગાએ તેને જ માધ્યમ બનાવવાની નીતિ, આપણાં છાપાંઓ અને ટી.વી. ચેનલોમાં વપરાતી ભાષા, આપણી જાહેરખબરોમાં વપરાતી ભાષા વગેરેનો સમાવેશ થાય છે. અંગ્રેજીના જે શબ્દો કે શબ્દપ્રયોગો ગુજરાતીમાં ન હોય તેનો ઉપયોગ જો આપણી ભાષામાં સમજપૂર્વક કરવામાં આવે તો તેનાથી તો આપણી ભાષા સમૃદ્ધ જ થાય, પણ અંગ્રેજીનો ઉપયોગ એલફેલપણે કરવાથી ગુજરાતીની ગરિમા ઘટે છે અને અંગ્રેજીની પણ વધતી તો નથી જ. જોકે ઘણી વાર એમ પણ બનતું હોય છે, પણ એનો પ્રસાર ખૂબ વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યો છે. જ્યાં સુધી શાસનને લાગેવળગે છે ત્યાં તો આ અધોગતિ સાંખી ન જ લેવાય. પ્રશ્નોનો પ્રશ્ન હોય તો એ છે કે આપણે આપણી ભાષાને ભૂંસાઈ જવા દેવી છે ? નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, દલપત, નર્મદથી માંડીને આજની ઘડીના સાહિત્ય ને સંસ્કારને અંગ્રેજીના પૂરમાં તણાઈ જવા દેવાં છે? સર્વ જાગૃત પ્રજાજનોની મોખરે સાહિત્યકારોએ તો આને, આ આત્મઘાતી પ્રવૃત્તિને તરત ‘રુક જાઓ!’ કહીને પડકારવી જોઈએ.

સ્વરાજ મળ્યું ત્યારે જ દેશ વિભાજિત થયો. ભાગલાનો એ ઘા કારી હતો. જો કે એ વખતની વેદના પણ ઉર્દૂ, પંજાબી કે હિંદી સાહિત્યમાં જેવી પડઘાઈ તેવી ગુજરાતી સાહિત્યમાં નહોતી પડઘાઈ. દેશના વાયવ્ય ભાગમાં પ્રત્યક્ષ હિંસા બીજા ભાગો કરતાં ઘણી વધારે હતી, એ વાત સાચી, પણ રાષ્ટ્રને આપણે જો એક શરીર કલ્પી શકીએ તો એના એક અવયવની પીડા બીજાને કેમ ન જણાઈ? વિભાજનની સામે ઝૂઝતાં આપણા એક પૂર્વપ્રમુખે પોતાના પ્રાણની આહુતિ આપી એટલાથી આપણે આપણા કર્તવ્યને પૂરું થયેલું ગણી શકીએ ખરા? ગાંધીનું જીવન એક યજ્ઞ હતું. એમણે સર્જેલું સાહિત્ય યજ્ઞસંભવ સાહિત્ય હતું. પણ આપણે એમના એકલાના બલિદાનના ઓઠા હેઠળ પોતે સ્વધર્મ બજાવ્યાનો સંતોષ લઈ શકીએ ખરા? ગાંધી ભલે આખા રાષ્ટ્રના અંતરાત્માના સંત્રી હતા. પણ આપણે ગુજરાતી સાહિત્યકારો એ રાષ્ટ્રીય ચેતનાના એક અંગ ખરા કે નહીં?

હિંદી શબ્દ વાપરું તો હું ‘ગડે મુર્દે ઉખાડવા’ નથી ચાહતો. હું તો એક જ વાત ભારપૂર્વક કહેવા માગું છું કે સાહિત્યકાર તરીકે સમાજની ઘટનાઓ અંગે આપણી પણ કાંઈક જવાદારી છે. આખી પરિસ્થિતિને વણસાવવામાં એક કરતાં વધારે કારણો હોય છે એ સાચું, દેશમાં ભાગલા પડ્યા તેમાંય રાજકીય પક્ષોની ટૂંકી કે સત્તાલોલુપ દૃષ્ટિ, ‘ભાગલા પાડીને રાજ કરોની’ અંગ્રેજ સરકારની સામ્રાજ્યવાદી નીતિ વગેરે અનેક કારણો હતાં એ દેખીતું છે. પણ સમાજના એક ભાગ તરીકે, એક જાગ્રત અને સંસ્કારી ભાગ તરીકે આપણી પણ કાંઈક જવાબદારી ખરી કે નહીં? જ્યારે આખો સમાજ આંધળિયું કરતો હોય ત્યારે જાગતા જનોની કાંઈક વિશેષ જવાબદારી ખરી કે નહી? તેમાંય જ્યારે માણસાઈ છેક તળિયે જઈ બેસતી હોય ત્યારે, જેનો સ્વધર્મ જ સંસ્કાર સીંચવાનો છે તે સારસ્વતોની બીજા કરતાં વિશેષ જવાબદારી ખરી ને? બોલવાની જરૂર હોય ત્યારે ન બોલવું, સક્રિય બનવાની જરૂર ન હોય ત્યારે નિષ્ક્રિય રહેવું એ શું સામાજિક ગુનો નથી? ૧૯૪૭ના ભાગલાનો ઉલ્લેખ મેં એટલા સારુ કર્યો કે એની પીડા આપણને આજેય સતાવી રહી છે. આપણો દેશ અને આપણો પાડોશી દેશ હજીયે એને ભોગવે છે, પરંતુ મારી ખરી નિસબત તો આધુનિક ભાગલા અંગે છે. આજે હું આપણા સમાજમાં એક જબરદસ્ત ખાઈ પડતી જોઈ રહ્યો છું. આખો દેશ આજે ફાવેલાંઓ અને રહી ગયેલાંઓના ભાગલામાં વહેંચાઈ રહ્યો છે. દુર્દૈવ તો એ છે કે એ ભાગલા પડતાં આપણામાંના ઘણાખરાં ફાવેલાંઓને દેખાતા પણ નથી. જે ફાવેલાં છે તે હરખાય છે અને પોતાની કલ્પનાના વિકાસના આંકડા જોઈ જોઈ ફુલાય છે. વિકાસના એ આંકડા જેમ જેમ ઉપર જાય છે, તેમ તેમ આપણા સમાજમાં પડેલી ખાઈ ઊંડી જાય છે.

૧૯૪૭ના ભાગલા લોહિયાળ હતા. આજના ભાગલા બીભત્સ છે. પરંતુ તે પેલા ભાગલા કરતાં જરાય ઓછા વિકરાળ નથી. અહીં મારી ફરિયાદ વિકાસની અવધારણા વિશે નથી. જોકે એ બાબત પણ મારે પ્રચલિત માન્યતા જોડે મતભેદ તો છે જ. મને કોઈ ચોક્કસ ચોકઠાબંધ વાદમાં રસ નથી. મારી પીડા તો એ છે કે આજે આપણા સમાજમાં માણસ માણસથી છેટો પડતો જાય છે. એક માણસ બીજાને માણસ તરીકે જોતો જ નથી. એને પરિણામે આપણે મન કુપોષણથી મરતાં બાળકો નર્યા આંકડા બની જાય છે. દલિતો કે સ્ત્રીઓ પર થતા અત્યાચારો રોજેરોજ સવારે ચા પીતાં પીતાં કાંઈક ઉપેક્ષા, કાંઈક કંટાળા સાથે વાંચવાના સમાચાર બની જાય છે. મારી ફરિયાદ આ હૃદયશૂન્યતા વિશે છે. ગિરાગુર્જરીને જો આપણે વિશ્વગુર્જરી બનાવવી હશે તો સૌથી પહેલાં આપણે નિઃશેષ જાડ્યાપહા સરસ્વતીના ઉપાસકોએ આ સંવેદનાજાડ્યને ખંખેરી નાખવું પડશે.

આપણે આપણી ભાષાને માત્ર જિવાડવી જ નહીં પણ વિશ્વસ્તરની બનાવવી હશે તો આપણે એને પાયામાંથી મજબૂત કરવી પડશે. આપણી આંગણવાડીઓ, બાલવાડીઓ અને પ્રાથમિક તેમ જ માધ્યમિક શાળાઓમાં વપરાતી અને શિખવાડાતી ગુજરાતીને વધુ મજબૂત અને સુદૃઢ બનાવવી પડશે. વિશ્વવિદ્યાલયનાં ઉચ્ચતમ વર્ષો સુધી ભાષાને વિધવિધ રીતે મજબૂત કરવાની જરૂર છે. ગુજરાતી સાહિત્ય પરિષદમાં અધ્યાપકોની સભ્યસંખ્યા જોતાં મને ઉચ્ચશિક્ષણ વિશે થોડી ઓછી ચિંતા છે. પણ શિક્ષણના પાયા સુધી ગુજરાતી ભાષાને સુબોધ અને તેજસ્વી બનાવવામાં પરિષદ શો ફાળો આપી શકે એનો વ્યવસ્થિત વિચાર આપણે કરવો જોઈએ. ગુજરાતી ભાષા અને સાહિત્યના શિક્ષકોની તાલીમની જાતજાતની પ્રવૃત્તિઓ કરીને પરિષદ એને પોતાનો ખાસ વિષય બનાવી શકે.

ઉચ્ચ ક્ષેત્રે એક બીજી પ્રવૃત્તિ પણ સાહિત્ય પરિષદ કે તેની સાથે સંકળાયેલી સંસ્થાઓ ઉપાડી શકે. બીજી ભાષાઓની, ખાસ કરીને અંગ્રેજી ભાષાની સરખામણીમાં આપણે ત્યાં જાતજાતના કોશોનો લગભગ દુકાળ જ છે. નેશનલ બુક-ટ્રસ્ટે બહાર પાડેલાં હિંદી કોશની હારમાં બેસી શકે એવો આપણે ત્યાં એકે કોશ નથી.બીજી ભાષામાંથી આપણી ભાષામાં અને આપણી ભાષામાંથી બીજી ભાષાના કોશ પણ ક્યાં છે? ભગવદ્ગોમંડળ, 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ', 'વિનીત કોશ' વગેરેનો હું રસિયો છું. પણ હજીય કેટકેટલાય પ્રકારના કોશોની આપણને જરૂર છે. વિવિધ વિજ્ઞાનને લગતા કોશો, ઇતિહાસના, ભૂગોળ અને બીજા શાસ્ત્રોને લગતા કોશો, આપણી વિવિધ બોલીઓના કોશો.ગુજરાતી માણસ તરીકે આપણને એ પ્રશ્ન ઊઠી શકે કે આવા ગ્રંથોને ખરીદશે કોણ? શરૂઆતમાં એ બાબત જરૂર અડચણ આવી શકે. પણ ગુજરાતમાં શિક્ષણનું પ્રમાણ વધશે, ઊંડો અભ્યાસ અને સંશોધન કરનારા વધશે તેમ તેમ આ બધાની જરૂર પડવાની જ છે. અત્યારે તો એ ખરીદશે કોણ એ પ્રશ્ન પૂછવાને બદલે એને તૈયાર કરશે કોણ એ પ્રશ્ન પૂછવા દો. એક વાર આવા ગ્રંથો હાથવગા થવા દો, આપણા શિક્ષકો, આપણા કવિઓ - વાર્તાકારો અને બીજા જિજ્ઞાસુઓને વિદ્યાનો વ્યાસંગ લાગવા દો. આગળ ઉપર આવા કોશોની પણ જુદી જુદી આવૃત્તિ નીકળશે એવું સ્વપ્ન હું જોઈ રહ્યો છું. મારા જેવા લગભગ અભણ ગણાય એવા ગુજરાતીને આવાં જ સ્વપ્નો આવે.

ગુજરાતી પાયામાંથી મજબૂત કરી, સર્વ ભારતીય ભાષાઓ સાથે જીવંત નાતો જોડી, આપણામાં અને આપણા દેશમાં રહેલાં વિભાજક તત્ત્વોથી ઉપર ઊઠી આપણે ગુજરાતીને દરેક રીતે વિશ્વસ્તરની બનાવીએ, સાહિત્યકાર તરીકે આપણું વ્યક્તિત્વ વધુ શુદ્ધ, નક્કર અને ગતિશીલ બનાવીએ. આપણા સર્જનની વસ્તુ તરીકે આપણે જાગતિક પ્રશ્નોમાં ઊંડા ઊતરીએ. આ પ્રશ્નો ત્રણ પ્રકારના છે : માણસના પોતાની જાત સાથેના, માણસના સાથી માણસો સાથેના અને માણસના સૃષ્ટિ સાથેના.

આજની જટિલ અને કુટિલ દુનિયામાં વ્યક્તિનું વ્યક્તિત્વ કુંઠિત થાય છે. પહેલાં કદી નહોતાં અનુભવ્યાં એટલાં માનસિક દબાણો, સમસ્યાઓ અને રોગો આજે જગતનો નાગરિક અનુભવી રહ્યો છે. આજનો સાહિત્યકાર પોતાના જીવન અને સર્જન દ્વારા જગતના સરેરાશ નાગરિકને, સામાન્યજનને કાંઈ શાંતિ, સ્ફૂર્તિ અને આનંદની અનુભૂતિ કરાવી શકશે? આરંભ આપણે આપણી જાતથી કરવાનો છે, પણ પહોંચવાનું છે આપણે જગત સુધી. ભીતર આત્મનિરીક્ષણ, પરીક્ષણ અને શોધન અને બહાર સ્વાધ્યાય, પરિશ્રમ અને સંશોધન કરીને તે આ દિશામાં આગળ વધી શકે છે.

સમાજ આજે ખંડ-ખંડ થઈ ગયો છે. એના એક અંગને બીજા અંગની કાંઈ પડી નથી. આજે જ્યારે જાગતિક સ્તર પર આખી માનવતા હિતનો વિચાર કરવો જરૂરી થઈ ગયો છે ત્યારે સંકુચિત હિત પરસ્પર ટકરાય છે. તેમાંથી નીપજે છે, હિંસા, આતંક, કલહ અને યુદ્ધ. ગુજરાતી સાહિત્યકાર જગતને માનવીય હિતૈક્યની દિશામાં લઈ જવામાં કાંઈક સહાયક, કાંઈક માર્ગદર્શક, કાંઈક સંકેતસૂચક પણ બની શકે?

સૃષ્ટિ સાથેનો માનવનો સંબંધ પણ આજે ઊંડી વિચારણા માગી લે છે. સૃષ્ટિનો ધણી થવા માગતો માનવી આજે ધરતીને જ ધૂળધાણી કરવા લાગ્યો છે. વસુંધરાના વસુઓ આજે માણસનાં કરતૂતોથી વસુકાવા લાગ્યા છે. શું આપણે આપણા સાહિત્ય દ્વારા માણસના પોતાની જાતના સાથેના, માણસના સાથી માણસ સાથેના, માણસના સૃષ્ટિ સાથેના પ્રશ્નોના જવાબ આપવામાં સહાયક થઈ શકીએ ખરા? આજથી શરૂ થતી ભાવિ દુનિયાના આ યક્ષપ્રશ્નો છે. આ યક્ષપ્રશ્નો ઉકેલવામાં આપણો સાહિત્યકાર કેટલો ફાળો આપી શકે છે એ પ્રશ્નના જવાબ ઉપર આધાર રાખે છે - ગિરાગુર્જરીનું વિશ્વગુર્જરી થવું. સાહિત્ય હંમેશાં માત્ર સમાજનો આયનો થઈને બેસી નહીં રહી શકે. માનવતાની આગેકૂચમાં સાહિત્યે પણ પોતાનો ફાળો આપવો પડશે ને? દુનિયાના યક્ષપ્રશ્નો બાબત સાહિત્ય જો કાંઈ ઇંગિત પણ કરી શકશે તો આપણું સાહિત્ય વિશ્વસાહિત્યમાં સ્થાન પામશે.

મેં મારી ચિંતાઓ આપની આગળ મોકળા મને રજૂ કરી અને મારી નિસબતોને તમારી નિસબત બનાવવાનો યત્કિંચિત પ્રયાસ કર્યો. ગુજરાત, દેશ અને દુનિયા જે કોયડાઓનો અનુભવ કરી રહ્યાં છે તેને ઉકેલવામાં સાહિત્યકાર તરીકે આપણો શો ફાળો હશે, એ આપણને પડકાર આપતો પ્રશ્ન છે. ગાંધી તો આપણને એમ કહેતા ગયા કે આ દુનિયા જ એક થવાની નહીં હોય તો એમાં જીવવાનું એમને નહીં ગમે. આપણે જાણીએ છીએ કે દુનિયાને એક કરવા સારુ ગુજરાતે એક થવું પડશે, ભારતે એક થવું પડશે. ગાંધીજીએ જે વાક્ય કવિ અંગે કહ્યું હતું તે સૌ સાહિત્યકારોને પણ લાગુ પડે એવું છે : આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગૃત કરવાની શક્તિ જે ધરાવે છે કવિ છે. સાહિત્યના સેવકો તરીકે આપણી સામે પડકાર મોટો છે. પરંતુ ગાંધીજીએ પોતાના જીવનમાં મોટા મોટા પડકાર સામે આવ્યા છતાં એને ઝીલવા અંગે સ્વાનુભવને આધારે જે ઉપાય સૂચવ્યો તે આપણને પણ કામ લાગે એમ છે. તેમણે કહ્યું હતું 'મને તો કદીયે નાસીપાસીનો અનુભવ થયો જ નથી. નાસીપાસી તો આપણી પોતાની કમજોરી અને અશ્રદ્ધામાંથી જ ઉદ્ભવે છે. જ્યાં સુધી આપણે આપણી જાતમાંથી શ્રદ્ધા ન ખોઈ બેસીએ ત્યાં સુધી હિંદનું કુશળ જ છે.'

(ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનનું અધ્યક્ષીય ભાષણ, ગાંધીનગર, ૨૧-૧૨-૨૦૦૭)

## 'નિરીક્ષક' ઈ-મેલ થી

'નિરીક્ષક'ના મુદ્રણ ઉપરાંત રવાનગી સહિતની વ્યવસ્થાકીય કામગીરીમાં મિત્રભાવે સતત સહયોગ આપતા રહેલા શાર્દુલ પ્રેસના સદ્ભાવથી આ સામયિકને ઇ-મેલ વાટે પીડીએફ સ્વરૂપે મોકલવાનું શક્ય બન્યું છે. જે ગ્રાહકોને આ વ્યવસ્થાનો લાભ લેવો હોય તેઓ ઈ-મેલથી જાણ કરશે તો તેમને અંક મોકલી અપાશે. ખાસ કરીને પરદેશના મિત્રો જો આ વ્યવસ્થાનો લાભ લે તો અંક એરમેલથી મોકલવા છતાં એમને મળવામાં જે વિલંબ થાય છે તે નિવારી શકાય અને સંસ્થાને પણ ઊંચા ટપાલ દરમાં રાહત મળે. ટપાલ ખાતાની અગવડ-સગવડના સંજોગોમાં દેશમાં ને બહાર અંકો અનિયમિત મળવા ન મળવાની પરિસ્થિતિ જોતાં આ શક્ય બને તે સલાહભર્યું પણ છે.

## તોમાર આમાર મિલે એમમિ બધે ધારા / વિપુલ કલ્યાણી

"ગુર્જરગિરાની ગરિમા વધારવી હોય તો એના સારસ્વતોએ આત્મસંતોષ કે આત્મવંચનાને ખંખેરી નાખીને પોતે કેટલા પાણીમાં છે તે તપાસવું પડશે. જે સત્ય ખાતર કાંઈક ખોવા તૈયાર હશે તેનામાં જ ખમીર દેખાશે."

ગાંધીના અર્જુન, ખેપિયા કે કોસિયા તરીકે પોતાને ઓળખાવનાર, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ૪૪મા અધિવેશનના પ્રમુખપદેથી ગાંધીની વાત, સત્ય-અહિંસાના વિચારના પ્રસારની પારાવાર શક્યતાઓ જોનારા રૂપે, નારાયણ દેસાઈનો આ ટકોરાબદ્ધ નાભિસ્વર, ગુજરાતના પાટનગર ગાંધીનગરના ટાઉન હૉલમાં રણકતો રહ્યો. રાજધાનીને લોકધાનીનું સ્વરૂપ મળી રહ્યાનો રાજીપો આથી જ એમણે વ્યક્ત કર્યો હશે. એ ઉમેરણમાં કહેતા રહ્યા : 'જે પોતાને સાહિત્યકાર માને છે તેની જવાબદારી સમાજના અંગેઅંગ સહિત પોતાની હૃદ્‌ભાવના રેડવાની છે. ગુજરાતી સાહિત્યકારની કલમે સમગ્ર ગુજરાતનાં હર્ષશોક, વેદના-આનંદ, મનોકામના ને મનોરથો મુખર થવાં જોઈએ. પાંચ કરોડ જનતા વતી બોલવાની જવાબદારી ગાંધીનગરમાં વિરાજમાન કોઈ એક વ્યક્તિની નહીં. પણ ગુર્જરગિરાના સૌ સેવકોની હોવી જોઈએ.' શાસન કરતાં સાહિત્ય વધુ શાશ્વત છે, આથી તેણે વિશાળ સમુદાય સુધી પહોંચવાનું છે. વળી તે વધુ શાશ્વત મૂલ્યો ધરાવતું હોવું જરૂરી છે અને ટાગોરના મુક્તધારા નાટકના ધનંજય વૈરાગી જેવી અનાશક્તિ, બેફિકરી અને સાહસિકતા કેળવતાં કેળવતાં તેનામાં શાસન આગળ સામી છાતીએ સત્ય બોલવાની હિંમત હોવી જરૂરી છે.

'સમાજનો કોઈ પણ માણસ સમાજમાં એક જગ્યાએ પણ માણસાઈને હેઠે ઉતારે એવું કૃત્ય કરે તો જે પોતાને એ સમાજનો નાગરિક માનતો હોય તે પણ એ કૃત્ય સારુ અમુક અંશે જવાબદાર બને છે. ભરેલા સરોવરનું પાણી કોઈ પણ જગ્યાએ ખાલી થાય તો તેથી આખા સરોવરના પાણીની સપાટી નીચી જાય. તેમ સમાજમાં ક્યાંય પણ પાપ થાય તો તેનાથી આખા સમાજનું નૈતિક સ્તર એટલું નીચે જાય છે.' સન ૨૦૦૨ના મહાપાતક વિશે સાહિત્યકારોની ભૂમિકા બાબત નારાયણ દેસાઈ નુક્તેચીની કરી રહ્યા હતા.

નારાયણભાઈ વધુમાં કહેતા હતા : પરિષદ અંગે લોકોના મનમાં રહેલી છબિ ખોટી હોય તોપણ, એ છબિ છે તે હકીકત છે. ફક્ત આપણે માની લઈએ કે એ છબિ ખોટી છે એટલું પૂરતું નથી. પરિષદની ખોટી છબિ દૂર કરવી જોઈએ ...... વળી, ગુજરાતીને વિશ્વગુર્જરી બનાવવી હોય તો પ્રજાના તમામ વર્ગોને પ્રવૃત્તિઓની પાંખમાં સમાવવા રહ્યા. ધર્મ, સંપત્તિ, સામાજિક સ્તર વગેરે અનેક પાયા ઉપર રચાયેલી ભેદરેખાઓ નાબૂદ થવી જોઈએ. માતૃભાષાનું ગૌરવ સૌના મનમાં હોવું જોઈએ. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સુધી પહોંચવું હશે તો સૌને સાથે રાખીને ચાલવું પડશે. ફક્ત વડોદરા-સુરત-મુંબઈ જ નહીં, પરદેશમાં વસતાં ગુજરાતીઓના ડાયસ્પોરા સાહિત્યનો પણ સમાવેશ કરવો જોઈશે. અને આમ, આખરે રવીન્દ્રનાથ ટાગોરને ટાંકીને નારાયણભાઈ પ્રાર્થતા હતા : તોમાર હોલો શુરૂ આમાર હોલો સારા ; તોમાર આમાર મિલે એમમિ બધે ધારા.

સન ૧૯૮૧માં હૈદ્રાબાદ ખાતે ભરાયેલા અધિવેશન બાદ, કદાચ પહેલી વાર, સંસ્થાન બનવા જતી પરિષદ, રગસિયે ગાડે જૂતેલી તેની આગેવાની તેમ જ વેરણછેરણ સાહિત્યકાર ટટ્ટાર બની જાય તેવી વાત પરિષદ-પ્રમુખ પાસેથી ગાંધીનગર અધિવેશનમાં સાંભળવા મળી હતી. 'સુન્દરમ્'નગર ખાતે એક પા સભાગૃહમાં જાણે કે સૌમ્ય આનંદ વર્તાતો હતો, અને બીજી પા મંચ પર જાણે કે આંતરબાહ્ય હૂંફાળા, ને વળી, ઠંડા પ્રવાહો વહેતા હોય તેમ પણ વર્તાતું હતું.

દિવંગત જયન્ત પંડ્યા, પ્રકાશ ન. શાહ જેવા મિત્રો સંગાથે વરસોથી નારાયણભાઈ દેસાઈને પરિષદ-પ્રમુખપદે લાવવાની વિચારણાઓ કરી છે. જોગાનુજોગ, ઓણ મૂર્તિદેવી સમ્માનને પગલે આ વખતે નારાયણભાઈનું નામ ઊપસી રહ્યું અને પછી વિલાયતની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના અનુરૂપ પ્રસ્તાવને, વતન આંગણે સાર્વત્રિક ટેકો પ્રાપ્ત થતા, ગુજરાતના આ નાજુક સંક્રાંતિ સમયે, તેના પાટનગરમાં ભરાયેલા અધિવેશન માટે, નારાયણ દેસાઈ બિનહરીફ પ્રમુખ સાંપડ્યા, એનો રાજીપો રમણે ચડ્યાનો અનુભવ થતો હતો.

યુરોપિયન યુનિયન તેમ જ આફ્રિકી દેશોના વડાઓની, પોર્ટુગલના પાટનગર લિસ્બનમાં, તાજેતરમાં મળેલી એક શિખર બેઠક ટાંકણે જગત ભરના કેટલાંક મુઠ્ઠી ઊંચેરાં સાહિત્યકારોએ એક જાહેર પત્ર નિવેદિત કરેલો. એ બેઠકની કાર્યસૂચિમાં ઝિમ્બાબ્વેના અને ડાર્ફૂરના કોયડાઓને આમેજ કરાયા નથી, તેથી આ સાહિત્યસ્વામીઓએ અકળામણ જાહેર કરી ત્તી. આ નિવેદન પર વાકલાવ હાવેલ, નદીન ગોર્ડીમર, ગુન્ટર ગ્રાસ, રોડી ડોઈલ, ટોમ સ્ટોપર્ડ, જોસે ગિલ, કોમ ટોઇબિન, વોલે સોયઇન્કા, મિયા કૂટો, ચીમામાન્ડા ન્ગોઝી અદિચી જિલિયન સ્લોવો, બેન ઓકરી તેમ જ જે. એમ. કોયેત્ઝીના હસ્તાક્ષર પડ્યાં છે. તે સૌએ નિર્દંભપણે આ ઉપેક્ષાને 'રાજકીય કાયરતા' ઠેરવી છે.

ઉત્તર આફ્રિકાના વિશાળ મુલક સુદાનની દક્ષિણે સ્વતંત્ર ચાડ દેશની સીમા પરે આ ડાર્ફૂરનો વિસ્તાર પડ્યો છે. છેલ્લાં ચારેક વર્ષમાં વીસ લાખ લોકોને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. અને વળી, એક અંદાજ મુજબ, બીજા ૨,૦૦,૦૦૦ લોકોને મારી નંખાયાં છે. દક્ષિણ આફ્રિકાનો ઝિમ્બાબ્વે મુલક એક દિવસ ધનધાન્યનો ભંડાર લેખાતો. એ સમૃદ્ધ દેશ આજે પાયમાલી ભોગવી રહ્યો છે. માનવસર્જિત દુષ્કાળમાં ય ભીંસાતી આ પ્રજા પરે રોબર્ટ મુગાબેનો સીતમ સતત ત્રાટકતો જ આવ્યો છે. માનવીય અધિકારો માટે આ ૨૦૦૭નું વર્ષ તે દેશ માટે ભારે ખરાબ બની રહ્યું, એવી એવી નિર્ભીક રજૂઆત પણ આ લેખકોએ કરી છે.

આ સાહિત્યકારો, આ યુરોપીય આગેવાનોને નામ અગત્યનો સવાલ કરે છે : 'આ રાજકીય કાયરતાને, ભલા, શું કહીશું? આપણા નેતાઓ સાચી નેતાગીરી કરે તેવી અમારી અપેક્ષા છે. તેમનામાં નૈતિક હિમ્મત હોવી જ જરૂરી છે. જ્યારે તે સૌ આમાંથી ટળે છે ત્યારે આપણને સૌને તે દરેક નૈતિક નિઃસત્ત્વ ભણી દોરી જાય છે.'

આપણી નવસો નવસો વર્ષ જૂની ગુજરાતી સાહિત્યની પીઠિકા પરે સાંપ્રત સમયે વિરાજમાન આપણા સાહિત્યકારોને, ભલા કેમ અને ક્યાં મૂલવીશું ? એ સૌ ક્યાં જઈ બેસે ? કે પછી તેમને કોઈક વિભીષિકા અડેનડે છે? કે પછી ઉપેક્ષા તેમ જ ઉદાસીનતાની ચાદર લપેટીને તે જમાત કોઈક નિંદ્રાસનમાં રમમાણ છે?..... કેમ કે સન ૨૦૦૨, આ સેઝ અને તેનો કેફ, નંદીગ્રામ, ગુરગાંવ, વગેરે વગેરે કોઈને ય કદાચ અડતાંનડતાં નથી! તેથી, ભારે અચરજ થાય!

કોલકત્તાનાં બૌદ્ધિકો જાગ્યા હતાં. મહાશ્વેતાદેવી સમેતની જમાતે પોતાનાં કલેવર સજ્જ કરી બંગાળની ચેતનાને જાગ્રત કરી હતી. એટલે જ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન બુદ્ધદેવ ભટ્ટાચાર્ય હવે કહે છેઃ નંદીગ્રામમાં જે થયું તે રાજકીય તેમ જ વહીવટી નિષ્ફળતા હતી. આપણે જગતભરમાં ફરી વળેલાં ગુજરાતી બૌદ્ધિકો આવું આવું કહી શકીએ ખરા? આવું જો થઈ શકે તેમ હોય તો, ક્યારે, ભલા, આવું થાય ? કોઈના ય હાથા બન્યા વિના

ગુજરાતની, સમગ્ર ગુજરાતની ચોમેર પથરાઈ ગુજરાતીની, પરંતુ મૂળગત એકેક ગુજરાતીની ચિંતા પ્રધાનપદે હોય તેવું આપણે ન કરી શકીએ?

ગુજરાતી ભાષા-સાહિત્ય-સંસ્કૃતિ-વારસો બાબત પણ, અબીહાલ, આપણો કોઠો હાલકડોલક થતો નથી. જાણે કે આપણે તે દરેકથી પર છીએ! નારાયણ દેસાઈનું આ વિચારવલોણું, આથીસ્તો, આપણને નવનીત આપી જાય છે.

એકસો ને બે વરસની પરિષદનું અધિવેશન ૨૦-૨૧-૨૨ ડિસેમ્બરના દિવસોમાં ગાંધીનગર ખાતે, 'ગાંધીનગર કલ્ચરલ ફૉરમ' અને સહયોગી સંસ્થાઓના યજમાનપદે, યોજાઈ ગયું, હવે ઇતિહાસ બને છે. અતિથિ વિશેષ તરીકે ત્યાં સાહિત્યકાર વક્તા ગુણવંત શાહ હતા. જ્યારે મોરારિબાપુએ આશીર્વચન આપતાં આપતાં પ્રસન્નતા વ્યક્ત કરી હતી. વળી, મંચ પરે નિરંજન ભગત, વિનોદ ભટ્ટ, રઘુવીર ચૌધરી, ધીરુભાઈ ઠાકર સરીખા પૂર્વ પ્રમુખો ય સોહતા હતા.

વારુ, 'ગાંધીનગર કલ્ચરલ ફૉરમ'ની મહેનત ઊગી નીકળી હતી. ૩૭ વરસનું આયખું ધરાવતા આ નગરમાંથી નાનીમોટી તમામ શૈક્ષણિક સંસ્થાઓના સાથસહકારમાં સાહિત્યપર્વની ઉજવણી થતી રહી. સ્વાગત સમિતિના પ્રમુખ માણેકલાલ પટેલ તથા સ્વાગતમંત્રી કૃષ્ણકાન્ત જહાની આગેવાની હેઠળ સાહિત્યિક વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. ૭૩ કિલોમિટર પરિસરમાં પખવાડિયા લગી રોજેરોજ ગ્રંથયાત્રા નીકળતી. શાળા મહાશાળાનાં ત્રીસેક હજાર ઉપરાંત વિદ્યાર્થીઓને તેમાં સામેલ કરાયાં. અધિવેશનની પૂર્વસંધ્યાએ નગરમાં વળી એક જબ્બર શોભાયાત્રા ય નીકળી હતી. પાંચેક હજાર યુવાનોની આ શોભાયાત્રામાં, વચ્ચે, પરિષદ-પ્રમુખ કુમારપાળ દેસાઈ, પૂર્વ-પ્રમુખ ધીરુબહેન પટેલ સાથે વરાયેલા પ્રમુખ નારાયણ દેસાઈ એક સરસ મજાના રથમાં આરોહક હતા. ચોમેર માતૃભાષાનો મહિમા ગવાતો અનુભવાતો હતો. ગાંધીનગરમાં ઠેરઠેર મોટાં બિલબોર્ડ્સ પણ મૂકવામાં આવ્યાં હતાં. જેમાં વિધવિધ ગુજરાતી સાહિત્યકારોનાં ચિત્રો અને તે દરેકની કોઈ એક જાણીતી પંક્તિનું લેખન વાંચવા મળતું હતું; ને વળી પરિષદ અધિવેશનની જાણકારી પણ તેમાં અપાઈ હતી.

પૂર્વ સંધ્યાના કાર્યક્રમમાં યજમાન સંસ્થાઓ દ્વારા યોજવામાં આવેલી વિવિધ સ્પર્ધાઓની વાત પેશ થઈ. હાલરડાં, પ્રભાતિયાં જેવાં ભૂલાતાં સાહિત્યની સામેલગીરી પણ એ હરીફાઈમાં જોડાઈ હતી. પરિષદને તેના પ્રવાસને સારુ તેમાંથી દીવાદાંડી શો ઉજાસ મળે તો આનંદ થાય. લોકો સુધી સેતુ બાંધવાની એક દિશા એમાં પડી છે.

ઉપલક દૃષ્ટિએ લાગ્યું છે, આ ફેરે, પરિષદે, કાર્યક્રમ રૂપરેખા તૈયાર કરવામાં ઝાઝી ચાસ પાડી નથી. કર્મકાંડની રૂએ 'સુન્દરમ્'ની શતાબ્દીને આવરી લીધી છે અને વિષયોની માંડણી કરી દીધી છે. વળી ભાષણકારોની વહેંચણી પિતરાઈઓ વચ્ચે કરી છે. અને તેમ છતાં ય એ પછી, પણ કેટલુંક સરસ અને બહુ સરસ રહ્યું છે. 'સુન્દરમ્' વિશેની છેલ્લી બેઠક રોચક હતી અને વક્તાઓએ મહેનત કરીને સામગ્રી આપી હતી. પહેલી રાતે, નરસિંહ ભગતને લોકધાનીમાં સજીવન કરવાનું શ્રેય તો આ પરિષદને ફાળે જબ્બર રહેવાનું છે. એ વેળા સૌ કોઈ નરસૈંયામાં ઓતપ્રોત બની બેઠાં હતાં.

...અને વિધિની વક્રતા તો જુઓ : કાંદિવલી અધિવેશનથી ગાંધીનગર અધિવેશનને માંડ ચોવીસ મહિના જ થયા છે. ત્યાં જે શક્ય ન થયું તે અહીં વ્યવહારરૂપ લેતું હતું. 'ગુજરાતી લેક્સિકૉન'ની વાત કરું છું. ફક્ત ફેર એટલો જ હતો કે હવે ગૂજરાત વિદ્યાપીઠનો તેને સહજ સહપ્રવાસ મળ્યો છે. તેનું વજન, ભલા પડતું હશે ને? વારુ. ડિજિટલાઈઝ્ડ સાર્થ ગુજરાતી જોડણીકોશ અને જોડણી તપાસની ઉપલબ્ધિનાં જાહેર લોકાર્પણનો અવસર પૂર્વસંધ્યાના ભાગરૂપે સમ્પન્ન થતો હતો. એ તો કહીકતે ઐતિહાસિક ઘડી હતી. અંગ્રેજી સમેતની વિદેશી જબાનમાં આવી ઘડીને જબ્બર સાંસ્કૃતિક ઘટના લેખીને સરકારી, અસરકારી તેમ જ પ્રચારપ્રસારનાં માધ્યમોમાં તેનાં નરવાં ગુણગાન ગવાતાં હોય છે. આપણે ત્યાં તો કદાચ એમ પણ આપણે ન માનતા હોઈએ કે એમણે તે વળી શી મોથ મારી? એવું તો મને ય આવડે!!...

વારુ, વિદ્યાપીઠના કુલનાયક સુદર્શન આયંગારે ભૂમિકાની માંડણી કરી. પહેલી હરોળના વિચારક, લેખક કુલીનચંદ્ર યાજ્ઞિકે સરસ લોકાર્પણ કર્યું. તેમ જ ગુજરાતી લેક્સિકૉનના રચયિતા રતિલાલ ચંદરિયાનું જાહેર અભિવાદન પણ થયું.

ગુજરાતી ભાષામાં જોડણી અંગેના ઊહ અને અપોહ શમી નથી ગયા. ક્લિષ્ટ અને સંકુલ નિયમોને દોષ દેવાનું કદાચ થાય પણ ખરું, પરંતુ મૂળમાં તો સમાજ અને ખાસ કરીને શિક્ષક વર્ગની બેદરકારીના લીધે જોડણીની અંધાધૂંધી ઊભી થવા પામી છે. તેથી જોડણીકોશ તથા ઈ-સ્પેલચેકની જરૂરીયાત વધુ તાકીદની બની છે, તેમ સુદર્શન આયંગાર કહેતા હતા. આ સોફ્ટવેર સી.ડી.ના રૂપમાં તૈયાર કરાયો છે. કોશમાં યુનિકોડ પદ્ધતિ વાપરવામાં આવી છે. આથી કોશ ઉપયોગ કરનારને સારુ પાઠ, વાંચવામાં પણ સરળતા રહેવાની છે. કોઈ પણ શબ્દનો અર્થ જોઈતો હોય, તો સાર્થ કોશ પ્રમાણે એ મળી જાય.

## પાનબીડું

'એક વાર મને થયું કે લાવ જોઉં કે ગામડાંના સર્વ સામાન્ય લોકોનાં ઘરોમાં છપાયેલું સાહિત્ય કયું કયું જોવા મળે છે. મેં સર્વે કર્યો. તો જોવા મળ્યું કે બધું મળીને પાંચ જાતનું સાહિત્ય સર્વસામાન્ય ઘરોમાં વંચાતું હોય છેઃ (૧) છાપુ, (૨) શાળામાં ઉપયોગી પુસ્તકો, (૩) નવલકથા, નાટક, વાર્તાનાં પુસ્તકો, (૪) પોતાની ભાષામાં લખાયેલાં પૌરાણિક અને ધાર્મિક ગ્રંથો અને (૫) આરોગ્યવિષયક પુસ્તિકાઓ.

'આનો અર્થ એ થાય છે કે આપણે જો લોકોનાં દિલની ઉન્નતિ કરવા માગતા હોઈએ તો ઉપરના પાંચ પ્રકારના સાહિત્યની ઉન્નતિ કરવી જોઈએ.

'આ સંદર્ભમાં વાત થતી હતી ત્યારે એક મિત્રે મને કહ્યું. 'મરાઠી ભાષા કેટલી ઊંચી ઊડી શકે છે, તે જ્ઞાનદેવે બતાવ્યું, અને, તે કેટલી નીચે પડી શકે છે, તે આજનાં આપણાં અખબારો બતાવી રહ્યાં છે! મુખ્યત્વે આવું છે એમ સમજવાનું છે.

'પરંતુ આમાં દોષ કોનો છે? કોઈ કહે છે તંત્રીઓનો. કોઈ કહે છે વાચકોનો. કોઈ કહે છે કે પૂંજીપતિઓનો. ગુનામાં ત્રણેય સામેલ છે. અને કમાણીનો સમાન હિસ્સો ત્રણેને બરાબર મળવાનો છે. પરંતુ મારા મતે અપરાધીઓ આ ત્રણે ભલે હોય. ખરો અપરાધી બીજો જ છે. અને એ જ આ પાપનો વાસ્તવિક ધણી છે. એ કોણ? સાહિત્યની પરિભાષા કરનારો ચટૂડિયો, લોલૂપ અથવા રુચિભ્રષ્ટ સાહિત્યકાર.

"વ્યર્થ વાદ-વિવાદનું શૂરાતન, બીજાઓનો જીવ દુભાવવો ને એમને દઝાડવું, બળી-ઝળી કે ખૂંચે એવી વાતો કહેવી, ઉપહાસ કરવો. હાંસી ઉડાડવી, વ્યંગ કરવો, મર્મભેદી વચનો કહેવાં, આડું-અવળું સંભળાવવું, વક્રોક્તિ કરવી. કઠોરતા, દાવપેચ, આંટીઘૂંટી, સંદિગ્ધતા, કપટ, પ્રતારણા" - જ્ઞાનદેવે આ બધાં વાણીના અવગુણ બતાવ્યા છે. પરંતુ આપણા સાહિત્યકારો તો આવા અવગુણોને જ 'વાગ્ભૂષા' અથવા સાહિત્યની સજાવટ, સાહિત્યનું સૌંદર્ય માને છે!' **-વિનોબા**

**(યજ્ઞ પ્રકાશન પ્રકાશિત 'સાહિત્ય' પુસ્તકમાંથી)**

## સુંદરમ્‌નગરનો સંદેશ : ચલો તેજગઢ / ચંદુ મહેરિયા

મુ. શ્રી નારાયણભાઈ,

અબી હાલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનમાં આપનું અધ્યક્ષીય વ્યાખ્યાન સાંભળીને આવ્યો છું અને અનાયાસ આમ લખવાનો ઉમળકો થઈ આવ્યો છે.

અગાઉ આપની સાથે કામ પાડવાનાં નિમિત્તો નથી આવ્યાં એવું તો સાવ નથી. અઢી-ત્રણ દાયકા પૂર્વે, આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ નિમિત્તે મિત્ર ડંકેશ ઓઝા અને હું 'યુવા શિબિર'માં સહભાગી થવા સંપૂર્ણ કાન્તિ વિદ્યાલય, વેડછી આવ્યા હતા. એ સમયે શાયદ જિંદગીમાં પહેલી વાર જમ્યા પછી મારી ખુદની થાળી મેં જાતે ધોઈ હતી, એનો રોમાંચ આ ક્ષણે આ લખતી આંગળીઓને અનુભવાય છે. શ્રમ અને સ્વાવલંબનનો ગાંધીપાઠ એ રીતે ભણવાનો થયેલો.

આપની સાથે અક્ષર ઓળખાણ તો ઘણી પુરાણી છે. 'મને કેમ વિસરે રે'ના ચરિત્રલેખો જ નહીં, 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' અને 'મારું જીવન એ જ મારી વાણી'માંથી ઠીક ઠીક પસાર થવાનું થયું છે. ગાંધીના જીવનચરિત્રનો આપનો આકરગ્રંથ મધુ દંડવતેના હસ્તે ગાંધી આશ્રમ, સૉરી હરિજન આશ્રમના 'હૃદયકુંજ'ની પરસાળે લોકાર્પિત થયો એ જ રાત્રે એના મને ગમતાં પાનાં ઉથલાવી ગયેલો. 'પૂના કરાર' અને ગાંધીજીના અનશનને આપે "પાપપ્રક્ષાલન યજ્ઞ" તરીકે આલેખ્યાં પણ 'ગાંધી અને આંબેડકર'ના સંબંધો મૂલવતાં આપે 'આંબેડકરના ચેલાઓ' જેવો શબ્દ પ્રયોજ્યો કે ખુદ આંબેડકરના જીવનીકારોએ જે બાબત લખવી ટાળી છે તે ગાંધીજીની હત્યા વખતનો ડૉ. આંબેડકરનો પ્રતિભાવ, "મારા ખરા દુશ્મન ગયા. પાડ માનો કે ઘરણ છૂટ્યું.... ગાંધીજીનું મૃત્યુ એક મહારાષ્ટ્રિયનને હાથે નહોતું થવું જોઈતું...." (તૃતીય ખંડ, પૃષ્ઠ : ૧૫૬) વાંચીને ખાસ્સો આહત થયેલો અને આ જીવની પ્રગટ થવાના દિવસોમાં 'ગાંધી પીસ ફાઉન્ડેશન' યોજિત એક સભામાં મેં મારો ઊભરો પણ ઠાલવેલો.

આપ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે વરાયા એ પછી રેશનાલિસ્ટ મિત્ર એન. વી. ચાવડાએ, 'હવે દલિત સાહિત્યનો દિ' વળશે' એવા ઉદ્‌ગારોવાળુ ચર્ચાપત્ર મોકલેલું. એ છાપવાનું મેં ટાળેલું; કેમ કે ૧૯૮૧ અને ૧૯૮૫નાં અનામત વિરોધી રમખાણો વખતની ગુજરાતના અને વધતે ઓછે અંશે દેશના ગાંધીજનોની ભૂમિકાથી હું પરિચિત છું એટલે ચર્ચાપત્રી ચાવડા ઇચ્છતા હતા તેવી આશા આપની પાસેથી ફળીભૂત થશે એમ મને લાગતું નહોતું.

પણ ગુજરાતી સાહિત્ય પરિષદ(જે એની જાહેર પ્રજાકીય નિસબત પ્રગટાવવામાં હંમેશાં ઊણી રહી છે)ના અધિવેશનમાં આપને સાંભળ્યા પછી મારી ધારણા ખોટી પડી તે સ્વીકારીને આપના પ્રત્યેના પ્રેમાદર વ્યક્ત કરવા આ સંધાન કરું છું. આપે સ્પષ્ટ જણાવેલું કે, "પરિષદ પ્રમુખ તરીકે વરાયાના આ ત્રણેક મહિનાના ગાળામાં મને દલિત સાહિત્ય વિશે કશું જ સાંભળવા મળ્યું નથી. ગિરા ગુર્જરીને જો વિશ્વ ગુર્જરી બનાવવી હશે તો દલિત સાહિત્ય મારી પ્રાથમિકતા હશે." અને આપની બીજી ચિંતા લેખે, ગુજરાતી સાહિત્યમાં અને સાહિત્ય પરિષદમાં મુસ્લિમોના, ભણેલા ગણેલા મુસ્લિમોના અલ્પ પ્રમાણને ગણાવી. એવું નથી કે અગાઉ પરિષદના પ્રમુખ એવા ઉમાશંકર જોશી, દર્શક અને નિરંજન ભગતે આ મતલબના ઉદ્‌ગારો એમનાં અધ્યક્ષીય વ્યાખ્યાનોમાં ન ઉચ્ચાર્યા હોય. પણ આટલા સ્પષ્ટ અને મુખર રીતે દલિતો અને મુસ્લિમોના પક્ષધર તરીકે પરિષદના મંચ પરથી તેના અધ્યક્ષના વિચારો મને પહેલી વાર સાંભળવા મળ્યા છે, તેનો આનંદ છે.

જેમ સ્વાગતઅધ્યક્ષને તેમ આપને પણ પરિષદના વહીવટીમંત્રી પરિષદે દલિત સાહિત્ય માટે પૂર્વે શું શું કર્યું છે તે જણાવી શક્યા હોત. પણ તેમણે તે ટાળ્યું તેમાં જ પરિષદની શોભા છે. ૨૦૦૬ના પરિષદના માંડવી જ્ઞાનસત્રમાં 'બે વર્ષના સાહિત્યનું સરવૈયું' બેઠકના અધ્યક્ષ તરીકે મેં કહેલું : "હજુ ગઇકાલે જ પરિષદનાં પારિતોષિકોથી આપણા બે દલિત સર્જકો દલપત ચૌહાણ અને નીરવ પટેલની કૃતિઓને આપણે નવાજી પણ આ સરવૈયામાં તો તેનો ઉલ્લેખ સુદ્ધાં થયો નહીં. એટલે પરિષદને અરજ છે કે હવે પછીનાં વરસોમાં સરવૈયાની બેઠકમાં દલિત સાહિત્ય માટે કોઈ અલગથી વક્તા ફાળવે. શરત એ કે તે માટેના વક્તા પરિષદને કોઈ ડૉ. વણકર કે ડૉ. વાલ્મીકિ જ ન પડે પણ ડૉ. ચૌધરી અને ડૉ. પટેલ પણ તેના વિશે બોલે." આ ટકોર કરતાં મારા મનમાં, પરિષદના ભાવનગર જ્ઞાનસત્ર કે મુંબઈ અધિવેશનમાં પરિષદે દલિત સાહિત્યની ચર્ચા માટે વક્તા-અધ્યક્ષ સઘળા જન્મે દલિતો જ પસંદ કરેલા, તે વલણને અટકાવવાની હતી.

પરિષદના શતાબ્દી વર્ષમાં મુંબઈ અધિવેશનમાં દલિત સાહિત્યની એક આખી બેઠક ફાળવ્યાની ડંફાસ મારતા પરિષદધુરીણો પાસેથી એ બેઠકનો વિષય કઈ રીતે નક્કી થયો એ જાણીએ તો તેની મુત્સદ્દી પર વારી જવાય. હજુ આટલા વરસે ક.લા. સ્વાધ્યાય મંદિરને દલિત સાહિત્યનું એક પણ પુસ્તક ગ્રંથગોષ્ઠિને યોગ્ય લાગ્યું નથી! દલિત કવિતા કે વાર્તાના પઠનનો કાર્યક્રમ કદી પરિષદમાં યોજાયાનું જાણ્યું નથી. (અને જો આવું કહીએ તો મારા વા'લા તુરત મોહન પરમારનાં કેટલાં વાર્તાપઠન થાય તે ગણાવી બતાવશે.)... આ પરિષદ અગ્રણીઓની જાતિ સભાનતા પાછી એટલી તીવ્ર છે કે જયારે ગુજરાતી સાહિત્યના ઇતિહાસના છઠ્ઠા ભાગમાં મને કોઈ અધિકરણ લખવાનું કહેણ મોકલે છે તો મારા ભાગે લખવાનો આવતો લેખક મારી જાતિનો જ નહીં, પેટાજાતિનો પણ હોય તેનો બરાબર ખ્યાલ રાખે છે! જો સ્થિતિ આ હોય તો પછી મલયાલમ સાહિત્યની જેમ ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્ય મુખ્ય ધારાનું સાહિત્ય બને તે વાત દીવાસ્વપ્ન જેવી નથી લાગતી શું?

આપે આપના મુદ્રિત અધ્યક્ષીય વ્યાખ્યાનમાં નંદીગ્રામ અને ૨૦૦૨ના ગુજરાતનાં કોમી રમખાણોને પણ સંભાર્યા છે. ૨૦૦૨ના ગુજરાતના બનાવોને 'મહાપાતક' ગણાવી આપે તેમાં આપનો પણ ભાગ છે તેનો સ્વીકાર કર્યો છે. એટલે મને પરિષદનું ગત વરસનું જ્ઞાનસત્ર આદિવાસી અકાદમી, તેજગઢથી સાવ ખોટા કારણસર બદલાયું એ યાદ આવ્યું. જો ૨૦૦૨ ગુજરાતનું મહાપાતક હોય તો પરિષદે તેજગઢ જવું ટાળ્યું તે કાળી ટીલી સમાન છે. ગિરા ગુર્જરીને વિશ્વગુર્જરી બનાવવાનાં આપનાં સોણલાંને સાકાર કરવા તેજગઢ આપની પ્રતીક્ષા કરતું ઊભું છે. પોલીસ અફસર કે. પી. એસ. ગિલને ગુજરાતના ૨૦૦૨નાં રમખાણો પછી 'કલિંગ ઘટના'ની અપેક્ષા હતી. ગુજરાતની આ પ્રજાકીય પરિષદ એ કલિંગ ઘટનાનો અહેસાસ આપના અધ્યક્ષકાળ દરમિયાન જ તેજગઢનું નોંતરું સ્વીકારીને કરાવી શકે. જો આમ થશે તો આપનું અધ્યક્ષીય વક્તવ્ય સાર્થક થશે. સુંદરમ્‌નગરનો 'ચલો તેજગઢ'નો સંદેશ મારી જેમ સૌને હૈયે વસે તો 'ગાંધીના બાબલા'ને દત્તક લીધાનું સાચું ઠરે.

-ચં.મ.

## ચરૈવેતિ, ચરૈવેતિ / પ્રકાશ ન. શાહ

પરિષદના ગાંધીનગર અધિવેશનની કોઈ મહદ્ ઉપલબ્ધિ હોય તો તે વ્યાપક સમાજના સંદર્ભમાં સૌ અક્ષરસેવીઓ સમક્ષ અધ્યક્ષીય વ્યાસપીઠ પરથી સહૃદય નિસબતને ધોરણે થયેલી માંડણી છે એમ જ કહેવું જોઈશે. બીજી પાસ, સ્થાનિક આયોજકોએ જે રીતે વધુમાં વધુ લોકોને આ આખા ઉપક્રમ સાથે સંયોજ્યા એ પણ એક નોંધપાત્ર બીના હતી. એકંદરે, જુગલબંદી જ કહો ને.

૨૦૦૨ના મહાપાતક વિશે અધ્યક્ષીય અભિભાષણમાં કહેવાયું એ રૂડું થયું. નારાયણ દેસાઈ પૂરા સચેત અને સભાન હતા કે પરિષદમાં તાજેતરનાં વરસોમાં આ એક અરૂઢ અભિગમ છે. એટલે એમણે "આ પ્રસંગે હું મારી વ્યક્તિગત નિસબતની વાત કહેવા ઇચ્છુ છું". એમ કહીને શરૂઆત કરી હતી; અને તરત જ ફોડ પણ પાડ્યો હતો કે "એને વ્યક્તિગત એટલા સારુ કહું છું કે બીજા એમાં ભાગીદાર ન હોય તો હું તેને આપણી નિસબત કહી ન શકું." આટલું કહ્યા પછી એમણે હૃદય ખોલ્યું હતું : "હું ઇચ્છું ખરો કે આપણા સૌની, ગુજરાતના વિચારવંતોની તે નિસબત બને."

સાહિત્ય પરિષદ બહાર આ પ્રકારની વાતો બેલાશક કહેવાતી રહી છે, પણ ગુજરાતનું સાર્વજનિક જીવન એ કોઈ બે પક્ષો અગર બે કોમનો મામલો નથી; નાગરિક સમાજ સમસ્તનો અને સૌ સહૃદય વિચારવંતોની સહિયારી નિસબતનો મામલો છે, એ સો વરસ વટી ગયેલી પ્રજાકીય સંસ્થાના મંચ ઉપરથી કહેવાય એનું મહત્ત્વ ને મૂલ્ય ન્યારાં જ હોય.

કુમારપાળ દેસાઈના માંડવી અભિભાષણમાં માર્ટિનની સુપ્રતિષ્ઠ પંક્તિઓ ટાંકીને એક પછી એક કિસ્સામાં એકબીજાની ચિંતા નહીં કરવાને કારણે અંતે કેવા એકલા પડી જવાનું ને સિતમમાં શોષાવાનું બનતું હોય છે એનો ઉલ્લેખ અવશ્ય કરાયો હતો, પણ હજુ કશોક ફોડ પાડવાનું અપેક્ષિત હતું. કદાચ, સાહિત્ય અને સાહિત્યકાર કહેતાં જે પરંપરાગત અર્થ લેવાય છે એની બહારથી આવેલી પ્રતિભા (શું કહીશું એને, અશ્વત્થ સ્તો) થકી તે થાય એમાં એક પ્રકારે કવિન્યાય પણ રહેલો છે.

"પાંચ કરોડ જનતા વતી બોલવાની જવાબદારી ગાંધીનગરમાં વિરાજમાન કોઈ એક વ્યક્તિની નહીં પણ ગિરાગુર્જરીના સૌ સેવકોની હોવી જોઈએ" એવી બેઠક પર વિલસતા આ વક્તવ્યમાં, એમ તો, સરકાર હસ્તક સ્વાયત્ત સાહિત્ય અકાદમીના જે બેહાલ થયા એ વિશે પણ અધ્યક્ષપદેથી પહેલી જ જાહેર ટિપ્પણી થઈ હતી.

નહીં કે અકાદમીની સ્વાયત્તતા હરી લેવાયા વિશે અન્યત્ર બોલાયું કે લખાયું નથી, અગર તો રજૂઆત થઈ નથી. પણ વ્યક્તિગત વિનય અનુનય પ્રકારના આ વલણમાં કશુંક ઊણુંઅલૂણું ખસૂસ છે. ગાંધીનગર અધિવેશનમાં નોંધપાત્ર એ થયું કે અકાદમી પ્રકરણમાં અધ્યક્ષીય ટિપ્પણી તો થઈ જ, પરંતુ એટલેથી નહીં અટકતાં વર્ષા અડાલજાના સમર્થનથી ડંકેશ ઓઝાએ મૂકેલો ઠરાવ પણ પસાર કરાયો. અંશતઃ પણ સૌ પ્રતિનિધિઓ સાથે સહવિચારનું તત્ત્વ દાખલ થઈ શક્યું, અને પ્રતિનિધિ શૂલ્ક ભોજન ઉતારાની વ્યવસ્થાની પ્રવેશકૂંચી કરતાં કંઈક વિશેષ બની રહ્યું. આ પ્રણાલિકા જો આગળ લઈ જઈ શકાશે તો વિષય વિચારિણી અને પ્રતિનિધિ સત્રો નાતાલમાં મળીને વિખેરાઈ જતાં કાળાં ડગલાંની ગાંધીપૂર્વ કૉંગ્રેસ કરતાં જરૂર આગળ જતી ઘટના બની રહેશે.

છેલ્લાં વર્ષોમાં પરિષદમાં અવનવું બની રહ્યું છે, નહીં? ભાઈ, આ તો એક સતત ચાલતી પ્રક્રિયા છે. મુનશી પાસેથી પરિષદ ચાચર-ચોકમાં આવી એ જેમ એક લબ્ધિ હતી તેમ તે પછીના પાંચ દાયકા નવા સ્વરૂપના સંગોપન-સંવર્ધનની જે કામગીરી થઈ શકી તે પણ એક લબ્ધિ છે અને એનું દાયિત્વ નભાવી જાણનારાઓના આપણે ઓશિંગણ છીએ. પણ આ પ્રક્રિયા તો અનિરુદ્ધ ચાલવાની. અહીં વિપુલ કલ્યાણી અને ચંદુ મહેરિયાની ટિપ્પણીઓ પ્રકાશિત થઈ છે તેનેય આ પ્રક્રિયાના સંદર્ભમાં જોવાજોગવવાપણું છે. ઇતિહાસમાં નજર કરીએ ત્યારે દેખીતા સંઘર્ષો પણ પશ્ચાદ્વર્તી ધોરણે કેવા સંવાદી સુધાર પર્વો જેવા વરતાય છે, નહીં? ચાલો, આપણે યુક્ત થઈએ અને મુક્ત થઈએ!

## વાચકો લખે છે

**મૌન બલોલી, ૫૯, બલોલનગર, રાણીપ, અમ. ૩૮૨૪૮૦ :**

૧ લી ડિસે. ૨૦૦૭ના નિરીક્ષકમાં નંદીગ્રામ સેઝ સામે બૌદ્ધિક ચળવળ આરંભાઈ તેના અહેવાલો છપાયા છે. તેમાં હેમાંશી શેલતે જે 'તિર્યકી' બૌદ્ધિક માટે પ્રયોજી છે તે બૌદ્ધિક કોને કહેવો એવો પ્રશ્ન સરજાય છે. વળી ઉર્વિશ કોઠારી એ 'બુદ્ધિજીવી' સંજ્ઞા પ્રયોજી છે એટલે 'બૌદ્ધિક' અને 'બુદ્ધિજીવી' વચ્ચે શું ફરક છે તે પણ વિચાર માંગી લે તેવો મુદ્દો છે. આપણે દોઢડાહ્યા છીએ કે ડાહ્યા છીએ એનો માપદંડ નક્કી કરવા માટેના આધારો કેવા હોવા જોઈએ એ વિચારપ્રદ છે. કારણ કે આપણે ગ્રંથિથી મુક્ત એની મધ્યમાં રહેલા વિવેકમાં સ્થિર રહીને વિચારેલું હોય તો જ એ વિવાદ સર્જે છે એટલે કર્મશીલ તરીકે આપણે આપણી જવાબદારી વિવેકપૂર્ણ નિભાવીએ તો જ એ કર્મશીલ ધર્મ નિભાવ્યો કહેવાય. આવું કર્મશીલ ધર્મનું દર્શન મહાનુભાવ રમેશ બી. શાહનાં 'વૈશ્વિકીરણ અને નબળા વર્ગો' નામક લેખમાં અનુભવાય છે. એ મુદ્દે એ લેખના છેલ્લા બે ફકરામાં સમાપનરૂપે જે બે મુદ્દા નોંધ્યા છે તે ચિંતન પ્રેરે તેવા છે. વૈશ્વિકીરણ (અમેરિકીરણ)ની પ્રક્રિયામાં આધુનિક વિકાસમાં કેવળ વેગીલા નાણાં સર્જનની પ્રક્રિયા અંગેનું જ ચિંતન છે. એ નાણાની વહેંચણી સમાન કેવી રીતે થઈ શકે. તેમ જ પ્રદૂષણ અને પર્યાવરણની સમસ્યાનું નિરાકરણ અને વધતી જતી મોંઘવારી અંગેના નિર્દેશો વાણિજ્ય ક્ષેત્રે વિચારતા નથી એથી ખાનગીકરણ અને યંત્રીકરણ વધારનારી વકરાવનારી હિંસક-વિઘાતક અર્થ-વ્યવસ્થા વકરતી રહી છે. એની આડઅસરોને લીધે સામાન્ય માનવી અકસ્માત - આપઘાત કે હત્યા કે કમોતે મરતો રહ્યો છે. તેમજ ખેતરો-જંગલો ખવાતાં રહ્યાં છે. ખોદકામ-બાંધકામ થતાં રહ્યાં છે. આમ 'ભાવિ પેઢીની સુખાકારી માટે' વર્તમાન પેઢીનો ભોગ લેવાઈ રહ્યો છે. નબળા વર્ગોને રાહત આપવા માટેના સામાજિક પ્રબંધો વિશે આપણી સ્થિતિમાં કાપ મૂકવા માટે 'ફ્રીડમ ઑફ ઓક્યુપેશન' અને એ 'પ્રોપર્ટી રાઈટ'ના નિયંત્રણ અંગે વિચારવું જોઈએ; કારણ કે એ બે કાયદાકીય અધિકારોને લીધે 'આર્થિક સામ્રાજ્યો' અમુક વર્ગોની સુવિધા-સગવડ પેદા કરનારાં ઉત્પાદનોને આધારે વિસ્તરતાં રહ્યાં છે જે ગ્રામીણવિકાસ વિશે પણ સર્વાંગી વિચારવા દેતાં નથી. માનવીની પ્રાકૃતિક આવશ્યકતા (ભૂખ-તરસ-શ્વાસ જેવી) છે તેને પ્રાથમિકતા આપવામાં ન આવે તો આર્થિક વૃદ્ધિદર ધરાવતા ઉત્પાદનોને ઘરેલુ (ડોમેસ્ટીક) કહેવાય કઈ રીતે? ખેતી, અને પશુપાલન તથા તેની પેદાશો આધારિત વાણિજ્યને અગ્રતાક્રમ આપીએ તો જ માનવીની ભૌતિક સુખાકારી માટેના સાચા ચિંતનની દિશા ખુલી શકે. યંત્રની મર્યાદા અને વિકેન્દ્રીકરણથી જ નબળા વર્ગોનું હિત સાધી શકાય.

અન્યથા અસંભવ.

# ચૂંટણીનાં પરિણામો, નાગરિક નિસબત / રજની દવે

અમદાવાદમાં મહેંદી નવાઝ જંગ હૉલ ખાતે પ્રકાશ ન. શાહના અધ્યક્ષપદે મળેલી પીયુસીએલ અને એમએસડી દ્વારા આયોજિત ગુજરાતની ચૂંટણીનાં પરિણામો અંગેની સમીક્ષા બેઠક ૨૪ ડિસેમ્બરના રોજ યોજવામાં આવી હતી. આમાં મુખ્ય વક્તાઓ તરીકે ઘનશ્યામભાઈ શાહ (રાજકીય વિશ્લેષક), ઇન્દુકુમાર જાની (તંત્રી - નયા માર્ગ), ઇલાબહેન પાઠક (અવાજ), લાલજીભાઈ દેસાઈ (મારગ), ચુનીભાઈ વૈદ્ય (લોકસમિતિ), ગૌતમ ઠાકર (પીયુસીએલ) વગેરે એક પોતાનાં મંતવ્યો જણાવ્યાં હતાં.

ચર્ચા દરમિયાન થયેલી વાતો મુખ્યત્વે (૧) ગુજરાતની પ્રજાનું માનસ, (૨) સત્તા પક્ષની પ્રચાર પદ્ધતિ (૩) વિપક્ષની નબળાઈ, (૪) એનજીઓ તેમ જ લઘુમતીની ભૂમિકા અને કાર્ય પદ્ધતિ, (૫) હાલની ચૂંટણી પદ્ધતિમાં સ્વચ્છ વ્યક્તિ સમૂહની જીતવાની શક્યતા, (૬) આગળ ઉપર શું કરી શકાય તે અંગેની રહી.

સ્મરણ રહે કે આ જ હૉલમાં માનવ અધિકાર દિન નિમિત્તે ૧૦ ડિસેમ્બરના રોજ મળેલી સભામાં આ ચૂંટણીમાં કોમવાદી તાકાતોની હાર થશે અને લઘુમતીઓને થતાં અન્યાયો દૂર થશે અને માનવહક્કોનું રાજ્ય દ્વારા થતું હનન ઓછા થશે તેવી આશા મોટે પાયે રજૂ કરવામાં આવી હતી. પરંતુ પરિણામો ધારણા કરતાં જુદા આવતાં આપણે વાસ્તવિકતાને સમજવા માટે નવી રીતે વિચારવાની જરૂર ઘણા મિત્રોને લાગી. જનતાના ચુકાદાને માન્ય કરીને આપણા સમાજનાં માનસિક વલણો, માન્યતાઓ, લાગણીઓ અંગે વિચારવું જોઈએ, એવો મત પ્રગટ થયો.

સત્તાપક્ષના મુખ્યમંત્રીની પ્રચાર પદ્ધતિની પ્રજા પર ઘેરી અસર પડી છે. તેઓ પ્રજાને ઠસાવી શક્યા કે ગુજરાતનો વિકાસ કૉંગ્રેસના જમાના કરતાં વધુ કરી શક્યા છે. ઔદ્યોગિકીકરણ, જળ વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટ, સડકો, વીજ વ્યવસ્થા એ તેમનું પ્રદાન છે. નર્મદા યોજના અંગે તેઓ ગમે તેમ ત્રાગાં કરીને પણ કેન્દ્ર પાસેથી ધાર્યું કામ કરાવી શકે છે. તેઓ એક મર્દ માણસ છે, તેવી છાપ ઉપસાવી શક્યા છે. "નિર્મળ ગુજરાત" કે તેના જેવા અન્ય મુદ્દાઓ પર તેઓ સારો એવો પ્રચાર કરી શકે છે.

પ્રજા મોટી મોટી વાતોથી દોરવાય છે. પરંતુ વાસ્તવિક સ્થિતિ અંગે ઝાઝું ચિંતન કરી શકતી નથી. શિક્ષણ અને આરોગ્ય જેવી સેવાઓનાં ધોરણ કથળતાં જાય છે, પરંતુ તે વાત પ્રચારમાં ધોવાઈ જાય છે. પ્રજાના માનસમાં સ્ત્રીઓ પ્રત્યેના શાસક પક્ષના વલણની કોઈ ચિંતા દેખાતી નથી. ઊલટાનું એમ કહેવાય છે કે સ્ત્રીઓએ મોટા પાયા પર બીજેપીને (મોદીને)વોટ આપ્યા છે. જે વિસ્તારમાં પબ્લિક હેલ્થ સર્વિસ નબળી હોય તે વાત શાસન સમક્ષ વારંવાર રજૂ કરી પ્રજા જાગૃતિ કેળવી છતાં સત્તાપક્ષની સત્તા ત્યાં કાયમ રહી છે. ગુજરાતની પ્રજાની સામાન્ય છાપ એવી છે કે તે લડવામાં નબળી પ્રજા છે. પરંતુ લાગે છે કે તેના માટે અન્ય કોઈ લડે તો તેને માન્ય છે. તે માટે તેને હિંસા, આક્રમકતા અંગે કંઈ કહેવાતું નથી. લાગે છે કે ક્રૂરતા એ નિર્બળતાની નિશાની છે. તલવાર-ત્રિશૂળમાં રસ ધરાવનારા અંગે પ્રજાના માનસમાં કોઈ વિદ્રોહ દેખાતો નથી.

વિપક્ષની નબળાઈ અંગે પણ ઘણી ઉગ્રતાથી કહેવાયું. અંદરોઅંદર સત્તા માટેની ખેંચતાણ, બૌદ્ધિકો, બિનપક્ષીય વિચારકો દ્વારા સૂચવેલી વાતોને ધ્યાન પર ન લેવાઈ. સ્વચ્છ ઉમેદવારોને આગળ કરવા, સગાવાદ, પુત્રવાદમાં મર્યાદા રાખવી, ઉમેદવાર માટેના ઊંચાં-સારાં ધારાધોરણ રાખવા. પક્ષ વિરોધી લોકોને પણ આગવું સ્થાન આપવું. વાસ્તવિકતા કરતાં જીતી જઈશું તેવી વાત વધારે પ્રમાણમાં ફેલાવવી. એનજીઓ અને લઘુમતીના પ્રતિનિધિઓ સાથે સાથ સહકાર દાખવી ઉમેદવારો નક્કી નહીં કરતાં સત્તાપક્ષની નબળાઈઓ તેમ જ તેમનામાં અસંતુષ્ટોના બળપર ચૂંટણી જીતી જઈશું, તેવું માનવું. ચૂંટણી પ્રચારનું સક્ષમ માળખું ઊભુ ન કરવું, લત્તે લત્તે પોતાના સક્રિય પ્રતિનિધિઓનો અભાવ, સત્તાપક્ષને પ્રચાર કરવા માટે મેટર મળી જાય તેવો માહોલ ખડો કરવો, ભાવીમાં કોઈ મુખ્યમંત્રી થશે તે માટેની આંતરિક ખેંચતાણ જે એટલી હદે પહોંચી છે કે પક્ષના જ માણસોને હરાવવાના પેંતરા કરવા, આવું ઘણું બધું કહેવાયું.

એનજીઓ અને લઘુમતીએ ૨૦૦૨માં સત્તાપક્ષને હરાવવા માટે જેટલો પ્રયત્ન કર્યો હતો તેવો આ વખતે ન કર્યો. કેટલીક જગ્યાએ એનજીઓના ઉમેદવાર ઊભા રહ્યા પરંતુ તે માટે અંદરોઅંદર સારું સંકલન ન થયું. કેટલીક જગ્યાએ સામસામે ઊભા રહ્યા, ચૂંટણી ટાણે લઘુમતી દ્વારા વિપક્ષને નબળો બનાવે તેવી રેલી કાઢવી તેવા મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા. આજની ખર્ચાળ ચૂંટણી પ્રક્રિયામાં ક્યારેક એનજીઓ કે સારા પ્રતિનિધિઓ ચૂંટાઈને આવશે તેવું દેખાતું નથી. એનજીઓએ પોતાનું કાર્યક્ષેત્ર વિચારવું પડશે. તે સત્તાપક્ષનો વિકલ્પ બનવાના સ્થાને સત્તાપક્ષ દ્વારા ચલાવાતી, કથળતી જાહેર સેવા અંગે પ્રજાને સાચો ખ્યાલ આપી જે સમજ કેળવે તે આગળની ચૂંટણીમાં સત્તાપક્ષને ચાલુ રાખવો કે બદલવો તેવું નિર્ણાયક માનસ બનાવવા તરફ દોરી જાય તેવું થવું જોઈએ.

આ ચૂંટણીમાં કેટલાંક સારા પાસાં પણ ઊભરી આવ્યા તે તરફ પણ નજર જવી જોઈએ. (૧) પ્રજામાંથી વ્યક્તિગત અહમના કારણે જેઓ પક્ષ છોડીને જાય છે તેની અસર પ્રજાના માનસમાં ખાસ થતી નથી. (૨) નાતના નામે વોટ મેળવી શકાશે તેવું ખાસ ન દેખાયું. (૩) અન્ય કોઈ એક જ્ઞાતિના વડાનું અપમાન એટલે સમગ્ર જ્ઞાતિનું અપમાન થાય તેવી વાત મતપેટી પર અસર નથી કરી શકી.

કેટલીક ચિંતાજનક વાતો : રાજ્યમાં હિંદુત્વની ભાવનાની લાગણી ઊંડી ઊતરી છે, ઇન્સ્ટિટ્યૂશનાલાઈઝ થઈ રહી છે. આમ નિસબત ધરાવતા લોકોએ હજુ પ્રજા વચ્ચે વધારે જવાની જરૂર છે. એક સબળ વિરોધપક્ષની શક્યતા દેખાતી નથી. એનજીઓની ભૂમિકા અંગે જુદી રીતે વિચારવું પડશે. આપણે માનીએ છીએ કે પ્રજાના રક્ષણ માટે, લઘુમતીના રક્ષણ માટે જરૂર પડે સ્પષ્ટ વાત કહેવી જોઈએ. હિંદુ માનસ દુભાશે તેવો ડગડગો વિપક્ષે ન રાખવો જોઈએ તેવી વાત રજૂ થઈ.

ચર્ચામાં દ્વારિકાનાથ રથ (એસયુસીઆઈ), સંજયભાઈ દવે (ચરખા), મહાદેવ વિદ્રોહી (અભિક્રમ), વગેરેએ કેટલાંક સૂચનો કર્યા હતાં. યોજકો વતી ગૌતમ ઠાકરે સૂચવ્યું હતું કે, રાજકારણની કથિત મુખ્યધારામાં નહીં એવા સૌએ એક વ્યાપક સંયુક્ત અભિગમ વિકસાવી કાર્યક્રમ, રણનીતિ અને સંકલનાનો વિચાર કરવો જોઈએ. સૌ નિસબત ધરવતા નાગરિકોએ એકઠા થવું જોઈએ.

પ્રમુખસ્થાનેથી પ્રકાશભાઈ કહ્યું હતું કે તત્કાળ સમીક્ષાની આ બેઠક બાદ ચૂંટણીમાં ત્રીજા અવાજની કોશિશ કરનારાઓ, એનજીઓ, બિનપક્ષીય કર્મશીલો, નિસબત ધરાવતા નાગરિકો વળી મળીશું અને સ્વસ્થ સહવિચારને ધોરણે રોડમેપ ઘડી કાઢીશું, કેમકે ગુજરાતનું જાહેરજીવન કોઈ બે પક્ષોના દાયરામાં સીમિત ન રહી શકે. એઆઈડીએસઓના ભાવિક રાજાએ આ ચર્ચા બેઠકથી મળેલ હૂંફ બદલ આભારની લાગણી પ્રગટ કરી હતી.

## સ્મરણ સોક્રેટીસનું, મોદી સહિત સૌના શ્રેયાર્થે / નંદકિશોર મહેતા

નરેન્દ્ર મોદીના વહીવટ અંગેની મારી ટીકા-ટિપ્પણીઓથી વાકેફ મિત્રે આજે સવાર સવારમાં પૂછ્યું : 'ગુજરાતે નરેન્દ્ર મોદીને ત્રીજી વાર ગુજરાતનું સુકાન ચૂંટી કાઢીને સોપ્યું છે! હવે તો તમારે કંઈ કહેવાનું નથી ને!'

મિત્રની વાત સાચી છે. મોદીવિજયને આ ક્ષણે હું પણ સ્વીકારું છું. તેમ છતાં મનમાં જે સવાલ આ પળે પણ ઊઠે છે તે, પેલા મિત્રને મિશે તમને પણ પૂછું? હિન્દુત્વ એજન્ડાના યોજક અને વાઈબ્રન્ટ ગુજરાતના વિકાસ-પુરુષ એવી ઓળખ સાથે આગળ વધતા રહેલા નરેન્દ્ર મોદીએ, 'ગુજરાતને દેવાતી ગાળ કે થતો અન્યાય હું સહન નહીં કરું' કહીને ગુજરાતી પ્રજાના 'હૃદય સમ્રાટ'નું બિરુદ અંકે કર્યું અને પરિણામે આ વેળા, ભલે ને દસેક ઓછી સીટ સાથે પણ ફરી સત્તાધીશ થયા, કબૂલ ! ગુજરાતના સૈકાઓના ઇતિહાસમાં પૂર્વે કોઈ એક રાજનેતા ઉપર વિવેકબૃહસ્પતિ ગણાયેલા ગુજરાતની પ્રજા આમ અને આટલી ઓળઘોળ થઈ નથી, કબૂલ! નરેન્દ્ર મોદી એટલે ગુજરાત અને ગુજરાત એટલે નરેન્દ્ર મોદી એવી વિરલ ઓળખ પણ એમણે સરજી બતાવી, કબૂલ!

આ બધી કબૂલાત પછી ય એક મહત્ત્વની કબૂલાત એ પણ કરવાની છે કે આ સઘળું લોકશાહી, હા દેખીતી લોકશાહી રીત-રસમ, શૈલી, પદ્ધતિ અને ઢબે જ થયું છે. હવે સવાલ એ જ રહે છે કે જો આમ જ થયું છે તો પછી અહીં મેં દૂંહાંની પરાણ શું કામ માંડી છે? ના, મિત્રો એવું નથી. ઉપર નોધ્યું એ સઘળું લોકશાહી પદ્ધતિએ જ થયું છે, પરંતુ પદ્ધતિ જ છે, પરિણામ નહીં! આ પદ્ધતિ અને પરિણામ વચ્ચેનો તફાવત સમજવા એક દૃષ્ટાંત ખપ લાગશે - ધારી લો કે કોઈ દેવે પ્રસન્ન થઈને મને સંજીવની મંત્ર આપ્યો છે, પણ એ મંત્રનો શુદ્ધ ઉચ્ચાર શીખવ્યો નથી - આ સ્થિતિમાં, છતા સંજીવની મંત્રે હું કોઈને સજીવન કરી શકીશ નહીં. આવી જ કરમ કઠણાઈ આપણી આ લોકશાહી પદ્ધતિની પણ છે.

ગાંધી-નેહરુના પુણ્યે કરીને આપણને પ્રજાકીય શાસન માટે લોકશાહી નામનું સાધન તો સાંપડ્યું છે પણ તેના ઉપયોગની સમજ-આવડત આપણે આજ સુધી રળી નહીં અને નેતાઓએ આપણને શીખવી નહીં ! ટૂંકમાં મતદાતા તરીકે - અદના નાગરિક તરીકે મને - તમને હજુ એ સમજાયું નથી કે મારે મારો પ્રતિનિધિ કેમ ચૂંટવો અને એ કારણે હું આજે પણ બામણ હોઉં તો બામણને મત આપું, પાટીદાર પાટીદારનું તાણે, કાઠિયાવાડી, કચ્છી, સુરતી અને મહેસાણી એવી ઓળખમાં આળોટ્યા કરું-ભાજપી હોઉં તો કૉંગ્રેસને કોરણે રાખું - આવા આવા આધારો-તર્કોથી હું મતદાન કરતો રહ્યો. આમ થવાને કારણે હું જેને મારો મત આપું છું તે મારો પાંચ વર્ષ સુધીનો પ્રતિનિધિ, સારાસાર વિવેકપૂર્વક સમસ્ત પ્રજા અને રાષ્ટ્રના હિતમાં વર્તશે એવી લોકશાહી શાસનપદ્ધતિની પ્રથમ અને અનિવાર્ય આવશ્યકતાની ઓળખ જ મને ન થઈ. એટલું જ નહીં, રાજનીતિમાં સક્રિય પક્ષ, પછી તે રાષ્ટ્રીય હોય કે પ્રાદેશિક એણે પણ મારો મત પામનાર ઉમેદવાર સમગ્ર માનવજાતનું હિત સાધશે એવી કોઈ ભૂમિકા રચવાને બદલે મને લોકશાહીની સમજથી દૂર રાખવામાં જ એનું શ્રેય જોયું! ટૂંકમાં, મતાધિકાર એ કેવી વિરલ વસ છે એની મને, અદના નાગરિકને આજે પણ જાણ નથી!

આવી સ્થિતિ હોય ત્યાં શું થાય તે સોક્રેટીસ-પેરિક્લીસના સંવાદમાંથી સુપરે ફલિત થાય છે. જાણતાં ન હોય એમના લાભાર્થે જણાવું છું કે સોક્રેટીસ અને પેરિક્લીસ એ બંને મિત્રો, લોકશાહીની માતૃભૂમિ એવી ગ્રીક સંસ્કૃતિના મૂર્ધન્ય ધૂરીણોમાંના જગવિખ્યાત પુરુષો હતા. પેરિક્લીસ તેના શાસનકાળ દરમ્યાન એક એવી અવિચળ શ્રદ્ધા ધરાવતો હતો કે ડેમોસ કહેતાં લોકનો મત એ પ્રજાકલ્યાણનું સર્વોપરી પરિબળ છે. આપણે સૌ જાણીએ છીએ કે સોક્રેટીસ આજીવન આવી શ્રદ્ધામાંનાં કીટી-કસ્તર વીણતા રહેલા. પેરિક્લીસને આ શ્રદ્ધા સંદર્ભે, આનાગોરસ, પાઈથાગોરસ, એસ્કીલસ અને એરિસ્ટડીસ જેવા ગ્રીકસંસ્કૃતિના વડેરાઓની યાદ અપાવ્યા પછી સોક્રેટીસ કહે છેઃ સમાજનાં આ વિવિધ ક્ષેત્રના વિદ્વાન-વડીલોમાં જે ડહાપણ હતું તે તમારા ડેમોસ-લોકમત લોકસમૂહમાં નથી એટલું તો સ્વીકારો છો ને?

'હા, તમારી વાત સાચી છે પણ સરવાળે ડેમોસમાં પણ ડહાપણ છે એવું તમને નથી લાગતું?' પેરિક્લીસે દલીલ કરી.

'હા, એમ હોય પણ ખરું અને ન પણ હોય ! એક દૃષ્ટાંત આપું આ વાતે? મદિરાપાનથી આપણા એસ્કીલસને સ્વર્ગીય ગાન સ્ફૂરે છે જ્યારે એ જ મદિરાપાનથી કોઈ નાવિક-નાખુદો ભૂંડી ગાળો પણ ભસે છે! મદિરા કહેતાં આસવ તો માણસની અંદર જે ભર્યું છે એને જ ઊભરાવે છે!'

હાર્યા વિના પેરિક્લીસે પૂછ્યું : 'પણ ડેમોસ કંઈ મદિરાપાન કરીને થોડું ન્યાય તોળે છે?'

'પેરિક્લીસ, તમે ય ભલા માણસ છો! આ દ્રાક્ષમાંથી બને છે એ દારૂનો તો તમે એ પીઓ તો જ નશો ચડે છે જ્યારે વેર, ભય, સત્તા, અભિમાન, ઈર્ષા-દ્વેષ, નાના-મોટા ને ઊંચનીચના ભેદભાવ - આવા આવા દારૂનો પાર ક્યાં છે? વળી, એ તો તમે પીઓ કે ન પીઓ-એનાથી અમસ્થાય આપણે ચિક્કાર જ હોઈએ છીએ ને?'

સોક્રેટીસની આ વાત સ્થળકાળનો ભેદ કર્યા વિના સાચી પડતી રહી છે. આપણો મતદાર ભલેને મહુડો-તાડી ન પીએ પણ-હું પુરુષને તું બૈરું, હું માલદાર ને તું માયકાંગલો, હું હિન્દુ ને તું મુસલમાન, હું ભણેલો અને તું અભણ, હું કૉંગ્રેસી ને તું ભાજપી, હું ગુજરાતી અને તું મરાઠી-આવી આવી લિંગવાદી, કોમવાદી, પ્રદેશવાદી અને પક્ષવાદી પારાવાર ઓળખોની મદિરામાં એ ગળાબૂડ છે. કારણ કે પક્ષો અને એના ધૂરીણોએ એનો મતદાર, આવી તેવી કોઈ ને કોઈ મદિરામાં ડૂબાડૂબ રહે એવી જ વ્યવસ્થા કરી રાખી છે. એક તાજેતરનો દાખલો નોંધું ? માંગરોળની ચૂંટણી સભાને સંબોધતી વેળાએ, નરેન્દ્ર મોદીએ (મુખ્યમંત્રી તરીકે કોર્ટ સમક્ષ એફિડેવિટ કરીને સ્વીકાર્યું હતું કે સોરાબુદ્દીનને નકલી એન્કાઉન્ટરમાં મારી નાખવામાં આવ્યો છે, તેમ છતા) આવા પ્રશ્નોત્તર કર્યા હતાઃ

'સોરાબુદ્દીન કોણ હતો?'

'આતંકવાદી ! આતંકવાદી !'

'આતંકવાદીને શું કરાય?'

'મારી નંખાય - મારી નંખાય !'

-આ મારી નંખાય - મારી નંખાય એવો ચુકાદો સભામાંના શ્રોતાજનોએ કયું મદિરાપાન કર્યા પછી આવ્યો હશે એ સ્પષ્ટ કરવાની જરૂર છે ? છેલ્લો પણ આપણે સૌએ પોતાની જાતને, પ્રામાણિકતાપૂર્વક પૂછવાનો સવાલ અહીં જાહેરમાં પૂછું?

ઉપરનોંધી છે તેવી ઓળખ-પિછાણ અળગી કરીને, માત્ર નાગરિકબુદ્ધિથી-ભાવનાથી કેટલા મતદારોએ મતદાન કર્યું હશે?

(૨૪-૧૨-૨૦૦૭)

# કિસકે રોકે રુકા હૈ સવેરા/ યશવન્ત મહેતા

ગુજરાતને હચમચાવી નાખનાર એક ઘટના ૧૯૮૫નું અનામત વિરોધી આંદોલન હતું. લગભગ પાંચ મહિના સુધી ચાલેલા એ આંદોલન દરમિયાન જે અનેક ઘટનાઓ બનેલી એમાં ટાઇમ્સ જૂથના સાપ્તાહિક 'ધી ઇલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇન્ડિયા' માં ગુજરાતના બનાવો વિશેનો પત્રકાર ક્લોડ અલ્વારીસનો એક અહેવાલ હતો. એણે અમદાવાદના પરા અસારવાની સ્ત્રીઓના એક કાર્યક્રમનો, એ દરમિયાન પોલીસ સાથેના ઘર્ષણ અને એ વિશે પોલીસવાળાઓનાં વિધાનોનો ઉલ્લેખ કર્યો હતો. એમાં આ કાર્યક્રમમાં ભાગ લેનારી કેટલીક સ્ત્રીઓના વ્યવસાય વિશે ટિપ્પણી હતી. એ સ્ત્રીઓ શિથિલ ચારિત્ર્યની હોવા વિશેની કે એવી પોલીસની ટિપ્પણી હતી. પરંતુ એટલી જ વાતને રસ ધરાવતાં તત્ત્વોએ એવી રીતે ઘટાવી હતી કે જાણે અલ્વારીસે સમગ્ર ગુજરાતની તમામ સ્ત્રીઓને શિથિલ ચારિત્ર્યની કહીને ભાંડી હોય! અલ્વારીસ જેમને વિશે પોલીસવાળાઓનો અભિપ્રાય નોંધતો હતો તે સ્ત્રીઓ ગુજરાતની કુલ સ્ત્રીઓના લાખમા ભાગની માંડ હશે. એમ છતાં એમને વિશે જે કહેવાયું તે ગુજરાતની તમામ સ્ત્રીઓ વિશે કહેવાયાનો હોબાળો મચાવવામાં આવ્યો હતો. અખબારોમાં નામ છપાવવાની હોશવાળા અનેક અનેક લોકોએ ગુજરાતની સ્ત્રીઓને લગાવવામાં આવેલા આ કલંક સામે નિવેદન કરેલાં. ધી ઇલસ્ટ્રેટેડ વીકલીની હોળી કરવાનો તથા એનો બહિષ્કાર કરવાનોય અનુરોધ કરવામાં આવેલો.

આ પ્રકારે વિચારવું, પાનને વિશે જે કહેવાયું હોય તે પાનસર ગામ વિશે માની લેવું, અંશને માટે કહેવાય તેને સમગ્રને માટે કહેવાયેલું ગણી લેવું એને તર્કશાસ્ત્ર (લૉજિક)ની પરિભાષામાં અતિવ્યાપ્તિદોષ કહે છે. જે પ્રજા તાર્કિક રીતે વૈજ્ઞાનિક રીતે વિચારવાને ટેવાયેલી ન હોય એને આવી દોષપૂર્ણ વાત પણ તરત ગળે ઊતરતી જાય છે. અથવા કેટલીક પ્રજાઓની દીર્ઘ કારકિર્દી દરમિયાન એવા સમયગાળા આવે છે જ્યારે કોઈ પ્રચંડ અતાર્કિક વ્યક્તિત્વ એની વિચારશક્તિને મૂઢ બનાવી દે છે, અને ત્યારે એ આવી દોષમય રીતે વિચારતી થાય છે. આપણી નજીકના ભૂતકાળમાં જર્મનીમાં આવો એક સમયગાળો આવ્યો હતો. ત્યાં એક જૂઠને સો વાર ઉચ્ચારીને સત્ય ઠેરવનાર એક ઝનૂની વક્તા પાક્યો હતો. એના દેશમાં કદાચ બે પાંચ યહૂદીઓ નફાખોર અને કાળાબજારિયા હશે; પરંતુ એણે સમગ્ર યહૂદી કોમને દેશદુશ્મન ઠરાવી દીધી. ક્ષણિક મૂઢાવસ્થામાં સરી પડેલી મહાન જર્મન પ્રજાએ પછી તો લાખો યહૂદીઓની કત્લેઆમ કરી. પેલા માણસે દેશને વ્યાપક યુદ્ધખોરીમાં ઝીંક્યો તોય ઘણીખરી જનતા એને ઉદ્ધાર ક માનતી રહી... ખૂબ લાંબા યુદ્ધ પછી, કુલ આઠ કરોડની વસતીમાંથી અઢી કરોડ સશક્ત પુરુષો યુદ્ધમાં હોમાયા પછીં, દેશની સંપત્તિના વ્યાપક વિનાશ પછી જર્મન પ્રજાને હોશ આવ્યો કે આપણે તો અતિવ્યાપ્તિના તર્કદોષના શિકાર બની ગયા ! એક માણસ સર્વોચ્ચ બનાવાની ઘેલછામાં જે કાંઈ ઝનૂન પિવડાવતો રહ્યો તે આપણે હોંશે હોંશે પીધું અને વિશ્વયુદ્ધ વહોરી બેઠા!

આ પ્રકારના લોકો ગમે તેમ કરીને કોઈક અન્યનો વાંક કાઢવાની વૃત્તિ ધરાવતા હોય છે. ગમે તેમ કરીને, બસ, તરાપ મારવી! એમ તો અઢી ત્રણ હજાર વર્ષ અગાઉ ગ્રીસમાં પેદા થયેલા ઇસપ નામના ગુલામે એક બોધકથા લખી હતી જેમાં વિલન એક વરુ હતો. આ વરુ એક વાર નદીએ પાણી પીવા ગયો ત્યારે એણે નજીકમાં જ પાણી પીતા બકરીના બચ્ચાને જોયું. જોતાં જ દાઢ ડળકી. પરંતુ ત્યારે જંગલમાં કદાચ આજના હિન્દ જેવી લોકશાહી પ્રવર્તી હશે. એટલે લવારાને ઓહિયાં કરવા માટે વરુશ્રીએ દલીલો શરૂ કરી... આજના ગરીબોની કત્લેઆમ કરવા માટે ફટકારાય છે એવી દલીલો! કહે કે અબે ! તું પાણી પીવાનું બંધ કર! તારું એંઠું - અજીઠું પાણી મારા ભણી આવે છે. લવારું નાનું હતું છતાં સમજુ હતું. એણે જણાવ્યું કે મહેરબાન, નદીના ઉપરવાસમાં આપ છો હું તો હેઠવાસ છું. ઊલટાનું આપનું અજીઠું પાણી મારા ભણી આવે છે. આ દલીલ ખાલી ગઈ એટલે વરુ મહાશયે બીજી દલીલ ફેંકી : છ મહિના અગાઉ તે મને ગાળ દીધેલી, ખરું ને! લવારાએ જણાવ્યું કે સાહેબ, મારી તો ઉંમર જ હજુ ચાર મહિનાની છે. મેં આપશ્રીને ક્યાંથી ગાળ દીધો હોય? હવે વરુએ આજના કેટલાક વરુઓના જેવો આક્ષેપ ઠોકી દીધો : ગાળ તેં નહિ તો તારા બાપે દીધી હશે! અને, આમ કહીને એણે લવારાને ફાડી ખાધું.

૨૦૦૨ના ફેબ્રુઆરી-માર્ચમાં આવું જ કાંઈક થયું હતું. ગોધરાના રેલવે સ્ટેશને જે કાંઈ બન્યું, એમાં જો કોઈનો વાંક સાબિત થાય તો એને ભલે ફાંસીએ ચડાવાય (આ જ વાત અમે માર્ચ ૨૦૦૨માં લખી હતી.) પરંતુ નરોડા-સરદારપુરા-ગુલબર્ગાનાં લવારાંઓનું શું? પરંતુ અહીં અતિવ્યાપ્તિનો પેલો તાર્કિક દોષ અપનાવાયો. એ પણ મૂળ વાંક સાબિત થયા વિના. અને દુઃખ એટલી જ વાતનું છે કે ઘણી મોટી સંખ્યામાં ગુજરાતીઓ આ ઘટનાઓને તાર્કિક-વૈજ્ઞાનિક-વાજબી દૃષ્ટિએ જોઈ ન શક્યા. ગુજરાતીઓ એમના વ્યવહારુપણા માટે વિખ્યાત છે. પણ આ કિસ્સામાં ઘણા ઘણા ગુજરાતીઓ વ્યવહારુ સત્યને વફાદાર ન રહ્યા (જુઓ, અમે તમામ ગુજરાતીઓનો દોષ જોતા નથી. અને ખબર છે કે માત્ર 'ગુજરાતી' શબ્દ લખવાથી અમારા પર પણ માછલાં ધોવાશે!)

અતિવ્યાપ્તિનો તાર્કિક દોષ ગુજરાતના આજના મુખ્યમંત્રી એવી રીતે કરે છે જાણે સમગ્ર ગુજરાતી જનતા સોએ સો ટકા એમની સાથે સંમત હોય. જાણે સોએ સો ટકા ગુજરાતીઓએ પોતાના વતી બોલવાનો એમને હક આપી દીધો હોય! એમના રાજકીય પક્ષને વિધાનસભાની બહુમતી બેઠકોમાં વિજય મળ્યો એટલા જ તથ્યને આધારે એ પોતાને ગુજરાતની એક એક વ્યક્તિ વતી બોલવાનો હક માની બેઠા છે, અને પોતે જે કાંઈ માને કરે એમાં તમામ ગુજરાતીઓની સંમતિ એમણે માની લીધી છે. પરંતુ આમાં તથ્ય કેટલું છે.? ૨૦૦૨માં વિધાનસભા માટેની ચૂંટણીઓ થઈ એમાં આશરે ૫૯% મતદાન થયું હતું. એટલે કે મતાધિકાર ધરનાવનારા ૪૧% એ એ ભાઈના પક્ષને, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને મત આપ્યો નહોતો. અચ્છા જે ૫૯% મતદાતાઓએ મતદાન કરેલું એમા ભાજપના ઘણાખરા વિજય ખૂબ ટૂંકા ગાળાના હતા. એથી કેટલાક વિજય તો થોડાક સેંકડો મતના હતા. આમ છતાં કે ભાજપને ૫૯%માંથી ૪૦% મત મળ્યા હતા; એમ છતાં પેલા ૪૧% અને આ ૧૯% મળીને કુલ ૬૦% ભાજપના મતદાર નહોતા. આ સંજોગોમાં તમામ ગુજરાતીઓ પોતાની સાથે જ છે એનો ભ્રમ સેવીને ભાષણો કરવામાં આવે છે.

ફ્રાન્સમાં સોળમી સદીમાં ૧૪મા લૂઈ નામે એક રાજા થઈ ગયો. એને એવો ભ્રમ હતો કે હું જ સમગ્ર ફ્રાન્સના મન-અર્થમાં મગજ શરીર રૂપ છુ. હું જ ફ્રાન્સ છું હું રાજ્ય છું, એવા ગર્વમાં ને ગર્વમાં એ જુલમો કરતો રહ્યો. લડાઈઓ વહોરતો રહ્યો. પત્નીઓ બદલતો રહ્યો. પરંતુ જનતા એ હદે ત્રાસી ગઈ કે એના વંશજ સોળમા લૂઈનું માથું જનતાએ વધેરી નાખ્યું ! એનું જ નહીં, એની રાણી સહિત લગભગ આખા પરિવારનાં માથાં ગિલોટી, નામના માથાં વધેરવાના સંચા હેઠળ ઘાલી દીધાં! આ લૂઈ અતિવ્યાપ્તિદોષ જ કરી રહ્યા હતા. પોતે એટલે જ કરોડો ફ્રાન્સવાસીઓ, એવો ભ્રમ એ સેવતા હતા.

એટલું સામરું છે કે બાકીના ભારતમાં હજુ ધરતીએ દીધેલું શાણપણ બાકી છે. બાકીના ભારતની લગભગ તમામ જનતાએ ભાજપની અતાર્કિક, અવાસ્તવિક, ધિક્કારજનક અને હિંસાપ્રેરક દલીલોને ફેંકી દેવા માંડી છે. ૧૯૯૦ના દાયકામાં જે ભલા ઉત્તરપ્રદેશે આ લોકોના બહેકાવમાં આવીને એમને સત્તા સોંપી હતી ત્યાં હવે ૪૦૨માંથી માંડ ૫૦ વિધાનસભા બેઠકો આ અતાર્કિક લોકોને મળી છે. ગુજરાતની ગરવી સમજુ, વ્યવહારુ અને ન્યાયવાદી જનતાનો જે કેટલાંક અંશ આ લોકોથી ભરમાઈ ગયો છે તે આજે નહિ તો કાલે પોતાની અસલ અસ્મિતાને ઓળખશે. રાતભરકા હૈ મહેમાં અંધેરા, કિસકે રોકે રુકા હૈ સવેરા!

Registered under RNI No. Applied permitted to post at Ahmedabad, PSO on F/N 1st & 16th of every month
under Postal Registration No. GUJ-777 issued by SSP Ahmedabad, valid upto 31-12-2008




**નિરીક્ષક પ્રકાશન વતી મુદ્રક અને પ્રકાશક :** પ્રકાશ ન. શાહ, 'પ્રકાશ', નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૨૬૫૬૨૮૦૬ GUJ 777
**મુદ્રણસ્થાન - કોમ્પ્યૂટર કંપોઝ :** 'શાર્દુલ પ્રિન્ટીંગ પ્રેસ' રંભા કોમ્પલેક્સ, ગૂજરાત વિદ્યાપીઠની સામે,આશ્રમ રોડ, અમદાવાદ-૧૪. ફોન : ૩૦૦૦૧૩૦૬